dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 104 | AD - 2026, Maha Sud - 02 | Tuesday, Dt. 20-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સંસદીય પક્ષના નામાંકન પત્ર પર પ્રસ્તાવક તરીકે પીએમ મોદીએ સહી કરી

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની નામાંકન પ્રક્રિયા પૂર્ણ : નીતિન નવીન પ્રમુખ બનશે

નવીદિલ્હી,તા.૧૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ભાજપના કાર્યકારી પ્રમુખ નીતિન નવીન માટે કુલ ૩૭ ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા છે. આ નામાંકન રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વતી દાખલ કરવામાં આવ્યા છે. સંસદીય પક્ષના નામાંકન પત્ર પર પ્રસ્તાવક તરીકે પીએમ મોદીની સહી છે. સંસદીય પક્ષ વતી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, નીતિન ગડકરી અને રાજનાથ સિંહ જેવા અગ્રણી પક્ષના નેતાઓ હાજર રહ્યા હતા. દરેક ઉમેદવારી ફોર્મ પર ૨૦ પ્રસ્તાવકોની સહીઓ છે. મંગળવારે સવારે ૧૧ વાગ્યે ભાજપ મુખ્યાલય ખાતે ૭૦૦ પ્રતિનિધિઓ એકઠા થશે. વડાપ્રધાન મોદી પણ હાજર રહેશે. નીતિન નવીનની ચૂંટણીની ઔપચારિક જાહેરાત તેમની હાજરીમાં કરવામાં આવશે.

નીતિન નવીનના નામાંકન માટે, તમામ રાજ્યના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ, રાજ્ય પ્રમુખો, રાજ્ય સંગઠન મહાસચિવો, રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓને પાર્ટી મુખ્યાલયમાં હાજર રહેવાનું કહેવામાં આવ્યું હતું. નવા પ્રમુખ માટે સમર્થનનો સંદેશ પહોંચાડવા માટે તમામ રાજ્યો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી છે. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ પ્રસ્તાવક તરીકે હાજર રહ્યા હતા. ૨૦ જાન્યુઆરીએ યોજાનાર કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને તમામ વરિષ્ઠ નેતાઓ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ, રાજ્ય



પ્રમુખો, રાજ્ય સંગઠન મહામંત્રીઓ, રાજ્ય પ્રભારીઓ અને રાષ્ટ્રીય પદાધિકારીઓ હાજરી આપશે. ચૂંટણી પ્રક્રિયા ભાજપ મુખ્યાલય ખાતે પૂર્ણ થશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સંબોધન પણ કરી શકે છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ, નીતિન નવીન ૨૧મી જાન્યુઆરીએ તમામ રાષ્ટ્રીય પદાધિકારીઓ સાથે ઔપચારિક બેઠક પણ કરશે. પ્રદેશ પ્રમુખો, રાજ્ય સંગઠન મહામંત્રીઓ અને રાજ્ય પ્રભારીઓ સાથે તમામ રાષ્ટ્રીય પદાધિકારીઓ પણ આ બેઠકમાં હાજરી આપશે. નીતિન નવીન આ પ્રસંગે તમામ પદાધિકારીઓને પણ સંબોધન કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જાહેર કરાયેલી મતદાર યાદીમાં ૫,૭૦૮ મતદારોના નામ છે. આ મતદાર યાદી ૩૦ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓના આધારે તૈયાર કરવામાં આવી હતી, જ્યાં રાજ્ય પરિષદ અને કેન્દ્રીય પરિષદની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે. જોકે, દિલ્હી, હરિયાણા, ત્રિપુરા અને કર્ણાટક જેવા રાજ્યોમાં ચૂંટણીઓ બાકી છે, ફક્ત ૩૦ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થઈ છે. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ અને અન્ય રાજ્ય નેતાઓએ પણ નવીનના સમર્થનમાં ઉમેદવારી પત્રોનો સેટ રજૂ કર્યો. ઉમેદવારી પ્રક્રિયા દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, પુષ્કર સિંહ ધામી, નાયબ સિંહ સૈની અને પ્રમોદ સાવંત પણ હાજર હતા. બિહાર, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, આસામ, ઝારખંડ અને અન્ય રાજ્યોના નેતાઓએ પણ નવીનના સમર્થનમાં ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. પાર્ટી સૂત્રો અનુસાર, નીતિન નવીન ભારતીય જનતા પાર્ટીના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવવાના છે. તેઓ મંગળવારે સવારે ૧૧:૩૦ વાગ્યે ઔપચારિક રીતે શપથ લેશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, જે.પી. નડ્ડા, નીતિન ગડકરી, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય પ્રધાનો, રાજ્ય પ્રમુખો અને સંગઠન પ્રધાનો હાજર રહેશે.

# મુંબઈના મેયર પદને લઈ રાજકિય ગરમાવો, શિંદે કિંગમેકરની ભૂમિકામાં

મુંબઈ,તા.૧૯

બૃહદ મુંબઈ મહા નગરપાલિકા (BMC) ના પરિણામો બાદ હવે મુંબઈના મેયર પદને લઈને મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. કોઈ પણ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી નહીં હોવાથી હવે ગઠબંધન અને 'રિસોર્ટ પોલિટિક્સ' શરુ થઈ ગયું છે. આમ તો બૃહદ મુંબઈ મહા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપ સૌથી



મોટા પક્ષ તરીકે ઉભર્યો છે, પરંતુ પોતાના દમ પર મેયર બનાવવા માટે જરૂરી જાદુઈ આંકડો (૧૧૪) કોઈની પાસે નથી. આ જ કારણસર મેયર પદ કબજે કરવા માટે ભાજપે એકનાથ શિંદેની શિવસેનાના ટેકાની જરૂર છે.

આ સ્થિતિમાં એકનાથ શિંદેએ તેમના જીતી ગયેલા તમામ ૨૯ કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં મોકલી દીધા છે. સત્તાવાર રીતે તેને 'ઓરિએન્ટેશન વર્કશોપ' (કામગીરી સમજવાની શિબિર) કહેવાય છે, પરંતુ રાજકીય વર્તુળોમાં તે કોર્પોરેટરોને તૂટતા બચાવવાનો પ્રયાસ છે. આમ મુંબઈના મેયર પદની વાત છે, ત્યાં સુધી એકનાથ શિંદે 'કિંગમેકર'ની ભૂમિકામાં છે.

**ભાજપ પાસે સૌથી વધુ સીટ છતાં મેયર પદ માટે શિંદે સેનાની જરૂર**

# જુની પેઢીના લોકોએ નિવૃત્તિ લેવી જોઈએ, નવી પેઢીને જવાબદારી સોંપવી જોઈએ : નીતિન ગડકરી

નાગપુર,તા.૧૯

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જૂની પેઢીના લોકોએ ધીમે ધીમે નિવૃત્તિ લઈ લેવી જોઈએ. તેમણે નવી પેઢીને જવાબદારી સોંપવી જોઈએ અને તેમનું માર્ગદર્શન કરવું જોઈએ. ગડકરી રવિવારે નાગપુરમાં એસોસિએશન ફોર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ (AID) ઈવેન્ટ દરમિયાન 'એડવાન્ટેજ વિદર્ભ—ખાસદાર ઔદ્યોગિક મહોત્સવ'ને લઈને આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં બોલી રહ્યા હતા. આ આયોજનની



પરિકલ્પના ગડકરીએ પોતે કરી છે અને તેનું આયોજન એસોસિએશન ફોર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ (AID) ના અધ્યક્ષ આશિષ કાલેએ કર્યું હતું. ગડકરીએ કહ્યું કે કાલેએ "એડવાન્ટેજ વિદર્ભ" પહેલમાં યુવા પેઢીને સામેલ કરી છે. તેમણે કહ્યું- મારું માનવું છે કે ધીમે ધીમે પેઢીમાં પણ બદલાવ આવવો જોઈએ. ગડકરીએ કહ્યું, "આશિષના પિતા મારા મિત્ર છે. હવે આપણે ધીમે ધીમે નિવૃત્તિ લેવી જોઈએ અને નવી પેઢીને જવાબદારી સોંપવી જોઈએ, અને જ્યારે આ વ્યવસ્થા સરળતાથી ચાલવા લાગે, ત્યારે આપણે પણ નિવૃત્તિ લેવી જોઈએ અને બીજું કોઈ કામ કરવું જોઈએ." નાગપુરમાં ૬ થી ૮ ફેબ્રુઆરી સુધી AIDના 'એડવાન્ટેજ

**નીતિન ગડકરીએ કોના પર નિશાન સાધ્યુ તેની ચર્ચા શરૂ**

વિદર્ભ' એક્સપોનું આયોજન થશે. આ વર્ષે એક્સપોનું ત્રીજું વર્ષ છે. ગડકરી AIDના મુખ્ય મેન્ટર છે. તેમણે જણાવ્યું કે એક્સપોનો હેતુ ભારતના ઔદ્યોગિક નકશા પર વિદર્ભને એક મજબૂત અને ઉભરતા વિકાસ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.

# ટ્રમ્પે પીએમ મોદીને ગાઝા બોર્ડ ઓફ પીસનો ભાગ બનવા પત્ર લખ્યો

વોશિંગ્ટન,તા.૧૯

ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, "મધ્ય પૂર્વમાં શાંતિને મજબૂત બનાવવા અને વૈશ્વિક સંઘર્ષોને ઉકેલવા માટે એક નવો બોલ્ડ અભિગમ અપનાવવા માટે, ભારતના વડાપ્રધાન તરીકે, તમને આ મહત્વપૂર્ણ, ઐતિહાસિક અને ભવ્ય પ્રયાસમાં મારી સાથે જોડાવા માટે આમંત્રિત કરવાનું મારા માટે ખૂબ જ સન્માનની



વાત છે. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ, મેં ગાઝા સંઘર્ષ ૨૦૨૫ ના અંત માટે વ્યાપક યોજનાની જાહેરાત કરી, જેમાં ૨૦-પોઈન્ટ રોડમેપનો સમાવેશ થાય છે જેને આરબ વિશ્વ, ઇઝરાયલ અને યુરોપ સહિત તમામ મુખ્ય વિશ્વ નેતાઓ દ્વારા ઝડપથી અપનાવવામાં આવ્યો. આ યોજનાને આગળ વધારવા માટે, ૧૭ નવેમ્બરના રોજ, યુએન સુરક્ષા પરિષદે ઠરાવ ૨૮૦૩ અપનાવ્યો, આ પહેલનું સ્વાગત અને સમર્થન કર્યું.

હવે આ બધા સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવાનો સમય છે. આ યોજનાના કેન્દ્રમાં શાંતિ બોર્ડ છે, જે અત્યાર સુધીનું સૌથી પ્રભાવશાળી અને પરિણામ-આધારિત બોર્ડ છે, જે એક નવા આંતરરાષ્ટ્રીય સંગઠન અને સંક્રમણ શાસન વહીવટ તરીકે સ્થાપિત થયું છે. અમારા પ્રયાસો પ્રતિષ્ઠિત રાષ્ટ્રોના જૂથને એકસાથે લાવશે જે સ્થાયી શાંતિ નિર્માણની મહાન જવાબદારી નિભાવવા માટે તૈયાર છે. આવનારી પેઢીઓ માટે સન્માનપૂર્વક નેતૃત્વ કરવા અને સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય સુનિશ્ચિત કરવા. અમે નજીકના ભવિષ્યમાં અમારા ઉત્કૃષ્ટ અને પ્રતિબદ્ધ ભાગીદારોને બોલાવીશું, જેમાંથી મોટાભાગના ખૂબ જ આદરણીય વિશ્વ નેતાઓ છે.

**મધ્ય પૂર્વમાં શાંતિને મજબૂત બનાવવા અને વૈશ્વિક સંઘર્ષોને ઉકેલવા માટે એક નવો બોલ્ડ અભિગમ અપનાવવા પીએમ મોદીની જરૂર : ટ્રમ્પ**

# દિલ્હીમાં સવારે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ભયનો માહોલ

નવીદિલ્હી,તા.૧૯

ભારત અને વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપની ઘટનાઓ વધી રહી છે. ભૂકંપના બનાવ વારંવાર બનતા લોકોમાં ભય ફેલાઈ રહ્યો છે. તાજેતરના ભૂતકાળમાં મ્યાનમાર અને અફઘાનિસ્તાન સહિત અનેક દેશોમાં ભૂકંપમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. દરમિયાન, ભારતની રાજધાની દિલ્હીમાં હવે ભૂકંપના આંચકા અનુભવાયા છે.



નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, સોમવારે સવારે ૮:૪૪ વાગ્યે રાજધાની દિલ્હીમાં ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૮ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્ર ઉત્તર દિલ્હીમાં, પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટર નીચે હતું. અત્યાર સુધી જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ નથી.

અગાઉ, શુક્રવાર અને શનિવાર રાત્રે ગુજરાતના કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૧ નોંધાઈ હતી. ભૂકંપથી સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પૂરી પાડવામાં આવેલી માહિતી અનુસાર, કચ્છમાં ભૂકંપ રાત્રે ૧:૨૨ વાગ્યે આવ્યો હતો.




# જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાથી તાપમાન ગગડ્યું, ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી

શ્રીનગર,તા.૧૯



જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાને કારણે પારો સતત માઈનસમાં રહ્યો છે. રવિવારે સોનમર્ગ ઘાટીનું તાપમાન -૮.૯°C, શ્રીનગરનું -૪.૭°C, શોપિયાંનું -૬.૭°C અને પહેલગામમાં -૬°C નોંધાયું હતું. હિમાચલ પ્રદેશના ઊંચા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ. હમીરપુરમાં તાપમાન ૨.૧°C, ઊનામાં ૨.૭°C અને મંડીમાં ૩.૯°C રહ્યું. આ તરફ, પંજાબના અમૃતસરનું તાપમાન ૧.૭°C રહ્યું. ઉત્તરના મેદાનીય રાજ્યો પંજાબ, દિલ્હી, રાજસ્થાન, ચંદીગઢ, હરિયાણા, યુપીમાં ઠંડીની અસર છે. આ વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. પંજાબના હલવારામાં સવારથી વિઝિબિલિટી શૂન્ય છે. જ્યારે, યુપીમાં અચાનક હવામાન પલટાયું છે. લખનઉ-બારાબંકી સહિત અનેક શહેરોમાં સોમવારે સવારે વરસાદ થયો. અલીગઢમાં કરા પડ્યા છે.



# અમરેલી નગર પ્રાથમિક સમિતિ દ્વારા 'એકલવ્ય રમતોત્સવ' યોજાયો

અમરેલી,તા.૧૯

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુષુપ્ત રમતગમત ક્ષમતાઓને ઉજાગર કરવા માટે સતત ચોથા વર્ષે ભવ્ય રીતે "એકલવ્ય રમતોત્સવ (૪.૦)–૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી શહેરની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રમતોત્સવને ઉજવણીસભર બનાવ્યો હતો. આ રમતોત્સવના ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભમાં ઈફ્કોના ચેરમેન દિલીભાઈ સંઘાણી અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લિંબાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ





કાનાણી, ડી.ડી.ઓ પી.બી. પંડ્યા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહીલ, જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન ફુમકિયા સહિત અનેક રાજકીય, શૈક્ષણિક તથા સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રમતોત્સવમાં કુલ અંદાજે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૨૪ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન સમારંભમાં અધ્યક્ષ દિલીભાઈ સંઘાણીએ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ "ખેલ મહાકુંભ" દ્વારા ગામડાંમાંથી પ્રતિભાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવાનો પાયો નાખ્યો હતો. આ પ્રેરણાને અનુસરી અમરેલીની ટીમ રમતગમત દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહી છે. "એકલવ્ય રમતોત્સવ" નાના સિતારાઓની ઉડાનનું પ્રતિક બનશે તેમ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રમતોત્સવ દરમિયાન વિજેતા બનેલા ૪૫૦ વિદ્યાર્થીઓ તથા ૫૦ શિક્ષકોને મેડલ, ટ્રોફી, ઈનામ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા, જ્યારે ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ તકે સુરેશભાઈ શેખવા, મુકુંદભાઈ મહેતા, રિતેષ સોની, ઋજુલ ગોંડલીયા, ધાર્મિક રામાણી, ચતુરભાઈ ખુટ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન માટે ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન ડી.સી. ગોલ, શાસનાધિકારી આશિષ જોષી તથા સમગ્ર શિક્ષક અને સ્ટાફ ટીમે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી એસ.ટી.ડિવિઝન ખાતે ડ્રાઈવર-કંડક્ટરને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૧૯

અમરેલી એસ.ટી.ડિવિઝન ખાતે ભાવનગર, અમરેલી, જૂનાગઢ જિલ્લાના કુલ ૧૩૦ ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં નશામાં વાહન ચલાવવું નહિ, નો-પાર્કિંગ



ઝોનમાં વાહન પાર્કિંગ કરવું નહિ, ટર્નિંગ વખતે વાહન ધીમું રાખવું, લેન ડ્રાઈવીંગ કરવું, વાહનને વળાંક લેવાનો હોય અને ઓવરટેક કરવાનું હોય ત્યારે સાઈડ ઈન્ડિકેટરનો ઉપયોગ કરવો. એસ.ટી. સૂત્ર સ્વચ્છ, સલામત, સમયબદ્ધતાને વળગી રહેવું સહિતની બાબતોને લઈને સમજ આપવામાં આવી હતી.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીવેરાની ૫૦%થી વધુ વસુલાત કરનાર ગ્રા.પં.ને રોકડ રકમ મળશે

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક અને યોગ્ય સંચાલન થાય, માળખુ સુદ્રઢ બને, પાણીવેરાની વસૂલાતમાં નિયમિતતા આવે તેમજ ગ્રામ પંચાયત સક્ષમ બને અને લોકોને નિયમિત પાણી પુરવઠો મળી રહે એ હેતુથી નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ગ્રામ પંચાયત માટે પાણીવેરા વસૂલાત પ્રોત્સાહન યોજના અમલમાં છે. આ યોજના અન્વયે નિયત થયેલ (૦ થી ૩૦ ટકા વસૂલાત વાળા) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૦ ટકા કે તેથી વધુ વસુલાત કરેલ હોય તેવી ગ્રામ પંચાયતો, પાણી સમિતિઓ અને સેલ્ફ હેલ્પ ગ્રુપ ઉપરાંત પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને પ્રોત્સાહન રકમ



મળવાપાત્ર છે. અમરેલી જિલ્લામાં કુલ ૧૦૧ ગ્રામ પંચાયતો (૦ થી ૩૦ ટકા) ને રૂ. ૫૭,૦૫,૭૪૨ અને કુલ ૦૧ સેલ્ફ હેલ્પ ગ્રુપને ૩૦ હાજર એમ કુલ મળીને રૂ. ૫૭,૩૫,૭૪૨ પ્રોત્સાહક રકમ મંજૂર કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના હસ્તે કુલ રૂ. ૫૭ લાખ, ૩૫ હજારથી વધુની પ્રોત્સાહક રકમનો ચેક જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાને સુપરત કરવામાં આવ્યો હતો.

છેલ્લાં ઘણા સમયથી પડતર પ્રશ્નોને લઈ રહીશોમાં આક્રોશ

# લીલીયાના હનુમાનપરાને જોડતા કોઝવે મંજૂર કરવા રહીશોની માંગ

**કોઝવે મંજૂર નહી થાય તો આપ દ્વારા આગામી દિવસોમાં આંદોલનની ચિમકી અપાઈ**

લીલીયા,તા.૧૯

લીલીયા મોટાના હનુમાન પરા વિસ્તારમાં લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં હનુમાન પરાના રહીશો અને આમ આદમી પાર્ટીના અગ્રણીઓ વિજયભાઈ વિરાણી, અરુણાબેન પંડ્યા અને રાજુ ગરાણીયા સહિતના કાર્યકરોએ તાલુકા પંચાયત કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી. રહીશોની મુખ્ય માંગણી છે કે સ્મશાનવાળી શેરીથી હનુમાન પરાને જોડતા બે કોઝવે તાત્કાલિક મંજૂર કરવામાં આવે. હાલમાં રસ્તાઓની હાલત એટલી



બિસ્માર છે કે વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સ પણ પ્રવેશી શકતી નથી. ડિલિવરી કે હાર્ટ એટેક જેવી ઈમરજન્સીમાં સમયસર સારવાર મળવી મુશ્કેલ બની છે. લોકોની પીડાને ધ્યાને રાખી તાલુકા વિકાસ અધિકારીએ સ્થળ મુલાકાત લીધી હતી. ટીડીઓએ રહીશોને આશ્વાસન આપ્યું હતું કે આગામી દિવસોમાં કોઝવેનું કામ મંજૂર કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જોકે, આમ આદમી પાર્ટીએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ પ્રશ્નનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો રહીશોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# તાર ફેન્સિંગ યોજનામાં પૂર્વ મંજૂરી લીધેલા ખેડૂતો જોગ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં જિલ્લા ખેતીવાડી શાખાની "તાર ફેન્સિંગ યોજના" અન્વયે પૂર્વમંજૂરી મેળવી છે તેવા તમામ લાભાર્થીઓએ નિયત સમયમર્યાદામાં ક્લેઈમ રજૂ કરવા. તાર ફેન્સિંગ યોજનામાં તા.૦૧.૧૦.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધીમાં ૨૮૬ લાભાર્થીઓને પૂર્વમંજૂરી આપવામાં આવી છે. નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી દિન-૬૦માં પૂર્ણ કરી સામાન ખરીદીના GST વાળા પાકા અસલ બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિત જરુરી તમામ સાધનિક કાગળો સંબંધિત જે-તે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) તેમજ ગ્રામસેવકને જમા કરાવવા. વધુમાં સરકારના નીતિ નિયમોનુસાર તા.૩૧.૦૧.૨૦૨૬ સુધીમાં જિલ્લાકક્ષાએ નિયત સમયમર્યાદામાં ક્લેઈમ રજૂ કરવામાં નહિ આવે તો તાર ફેન્સિંગ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી તેવું માનીને આ અંગેની પૂર્વમંજૂરી અને અરજીને દફતરે કરવામાં આવશે.

# રાજુલાના વિદ્યાર્થીએ વાસણ ધોવાના લિક્વિડનું એટીએમ મશીન બનાવ્યું

રાજુલા,તા.૧૯

રાજુલાના નયન પરમાર નામના વિદ્યાર્થીએ વાસણ ધોવાના લિક્વિડનું ATM મશીન બનાવ્યું છે. આ મશીન દ્વારા લોકોને સસ્તા ભાવે લિક્વિડ મળી રહેશે અને પ્લાસ્ટિકનો કચરો પણ ઘટશે. નયન હાલ ધોરણ ૮ માં અભ્યાસ કરી રહ્યો છે, પરંતુ તેણે ધોરણ ૬ માં પ્રવેશ મેળવ્યા બાદ આ પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું હતું. આ મશીન બનાવવા માટે નયને સતત ૧૫ મહિના સુધી સખત મહેનત કરી હતી. તેનો મુખ્ય હેતુ



તસવીર : ગોપાલ રાઠોડ

લોકોને વાસણ ધોવાના મોંઘા લિક્વિડથી રાહત આપવાનો અને પ્લાસ્ટિકની બોટલોના ઉપયોગને ઘટાડવાનો છે. આ મશીન મહિલાઓને આત્મનિર્ભર બનવામાં પણ મદદરૂપ થશે તેમ તેણે જણાવ્યું હતું. નયન પરમારે જણાવ્યું કે, વડાપ્રધાનના 'લોકલ ફોર વોકલ' સંકલ્પને સાકાર કરવા માટે તેણે આ પ્રયાસ કર્યો છે. તેને આ પ્રોજેક્ટમાં તેના માતા-પિતા અને શાળાના સ્ટાફ તરફથી સંપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું.

# લાઠીમાં પારસ ધામ ખાતે 'પરમ ગૌતમ પ્રસાદ'નો શુભારંભ

લાઠી, તા.૧૯

પરમ પૂજ્ય ગુરુદેવ રાષ્ટ્ર સંત નમ્રમુનિ સાહેબની પ્રેરણા અને આશીર્વાદથી કવિ કલાપીની નગરી લાઠીમાં સર્વજનો માટે "પરમ ગૌતમ પ્રસાદ" સેવાનો શુભારંભ તા. ૧૫-૦૧-૨૦૨૬ થી કરવામાં આવ્યો છે. પારસ ધામ ખાતે શરૂ થયેલી આ સેવામાં ટિફિન તથા ભોજનની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં શુદ્ધ, સાત્વિક



અને ગુણવત્તાવાળું ભોજન આપવામાં આવે છે. લાઠીની જનતા દ્વારા આ સેવા પ્રત્યે આનંદ અને સંતોષ સાથે સારો પ્રતિસાદ મળી રહ્યો છે. લાઠીના વતની અનિલભાઈ ભાયાણીનું સ્વપ્ન ગુરુદેવના આશીર્વાદથી સાકાર થયું છે. ગુરુદેવના ભાઈ દિલેશભાઈના નેતૃત્વમાં મજબૂત ટીમ દ્વારા આયોજનબદ્ધ રીતે સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ સેવાકાર્યમાં હર્ષદભાઈ વોરા, આશિષભાઈ વોરા, આલ્કુ બાપુ, સુધીરભાઈ રાણપુરા તથા ગૌતમભાઈ વોચમેન નોંધપાત્ર સેવા આપી રહ્યા છે. લાઠીના સામાજિક કાર્યકરો, વેપારીઓ અને સંસ્થાઓએ આ પ્રશંસનીય કાર્યને બિરદાવ્યું છે.

# બાબરા યાર્ડ ખાતે આરટીઓ દ્વારા રોડ સેફ્ટીની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

અમરેલી,તા.૧૯

આર.ટી.ઓ અમરેલી દ્વારા રોડ સેફ્ટીની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં જનજાગૃત્તિ વધારવાના પ્રયત્નો સામેલ છે. બાબરા માર્કેટિંગ યાર્ડ ખાતે રેડિયમ લગાવવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે ગામડાના રસ્તાઓમાંથી વાહન પસાર થાય છે ત્યારે ગામડામાં નાના રસ્તાઓમાં લાઈટ આવેલ ન હોય અને ટ્રેલર, છકડો, સનેડામાં



પાછળની બાજુએ લાઈટ આવેલ ન હોય પાછળથી વધુ ઝડપથી આવતા વાહનોને આવા વાહનો ન દેખાતા હોય અકસ્માત સર્જાય છે તથા અકસ્માતની ભીતિ રહે છે. આથી માર્કેટિંગ યાર્ડ ખાતે વાહનોને સાઈડમાં યલો અને રેડ રેડિયમ રિફ્લેક્ટર પટ્ટીઓ લગાવવામાં આવી હતી તેમ અમરેલી એ.આર.ટી.ઓ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.






# બાબરાના લોનકોટડા-થોરખાણ રોડ પર ૧ કરોડના ખર્ચે નવો માઈનોર બ્રિજ મંજૂર

બાબરા,તા.૧૯



બાબરા તાલુકાના લોનકોટડા-થોરખાણ રોડ પર આવેલા જર્જરિત કોઝ-વેના સ્થાને હવે ૧ કરોડ રૂપિયાના ખર્ચે નવો માઈનોર બ્રિજ બનાવવામાં આવશે. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી આ કામ મંજૂર થતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ રોડ પરનો કોઝ-વે ઘણા સમયથી જર્જરિત હાલતમાં હોવાથી સ્થાનિક લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ કોઝવેના નવીનીકરણ માટે પ્રયાસો હાથ ધર્યા હતા. જેના પરિણામે અંદાજિત ૧૦૦ લાખના ખર્ચે માઈનોર પુલ મંજૂર કરવામાં આવ્યો છે. નવા પુલના નિર્માણથી લોકો સરળતાથી અવરજવર કરી શકશે અને તેમના રોજિંદા કામો સરળ બનશે.

**ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆતથી વિકાસકાર્યને મંજૂરી**

# વડીયાની શાળાઓમાં પોલીસે બાળકોને ગુડ ટચ-બેડ ટચ વિશે સમજણ આપી

વડીયા,તા.૧૯



વડીયા ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણાના માર્ગદર્શન હેઠળ વડીયાની મોંઘી બા કન્યા શાળા અને ચોટાઈ વિદ્યામંદિર ખાતે 'સુરક્ષા સેતુ' પ્રોજેક્ટ અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ સ્ટાફ દ્વારા નાના બાળકોને ગુડ ટચ-બેડ ટચ, સાયબર ફ્રોડ તેમજ કટોકટીના સમયે ઉપયોગી ૧૧૨ અને ૧૦૯૮ હેલ્પલાઈન નંબર વિશે ઝીણવટભરી સમજણ આપવામાં આવી હતી. પીઆઈ ગાંગણાએ બાળકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, "પોલીસ તમારી મિત્ર છે, ડરવાની કોઈ જરૂર નથી." જો કોઈ વ્યક્તિ ખરાબ રીતે સ્પર્શ કરે કે બ્લેકમેઈલ કરે, તો તાત્કાલિક માતા-પિતા, શિક્ષકો અથવા પોલીસનો સંપર્ક કરવો. આ તકે એએસઆઈ મહેશદાન ગઢવી અને હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ મોરવાડીયા સહિતના સ્ટાફે બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# અમરેલીના યુવાકવિ ગોપાલ ધકાણના પ્રથમ ગીતસંગ્રહને પારિતોષિક

અમરેલી, તા.૧૯



ગુજરાતની અસ્મિતાને સમર્પિત 'કલાગુર્જરી–મુંબઈ' દ્વારા આયોજિત 'ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા–૨૦૨૫'માં કવિતા શ્રેણી અંતર્ગત અમરેલીના યુવાકવિ ગોપાલ ધકાણના પ્રથમ ગીતસંગ્રહ 'અજવાળું દીઠ્યું મધરાતે'ને તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે. ગોપાલ ધકાણ જીકિયાળી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે સેવારત છે. તેઓ કવિતા ઉપરાંત વાર્તા, નિબંધ અને વ્યંગલેખનમાં પણ સક્રિય છે. તેમના 'સજ્જડ સર્વે' શીર્ષક હેઠળના વ્યંગલેખો વિશેષ પ્રસિદ્ધ થયા છે. પ્રથમ જ સંગ્રહને રાજ્ય બહારથી પારિતોષિક મળતા અમરેલી લોક સાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશભાઈ મહેતા અને ટીમે તેમને અભિનંદન પાઠવ્યા.

# અમરેલીમાં વીર શહીદ મનીષ મહેતાના તૃતીય બલિદાન દિવસે મહારક્તદાન કેમ્પ

અમરેલી,તા.૧૯



વીર શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ અમરેલી તથા શાંતાબા સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સેનામાં ફરજ દરમિયાન ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ બંગાળ ખાતે શહીદ થયેલ અમર જવાન મનીષ ગુણવંતરાય મહેતાના તૃતીય બલિદાન દિવસે આ કેમ્પ યોજાયો હતો. આ મહારક્તદાન કેમ્પમાં અમરેલીના રાષ્ટ્રપ્રેમી રક્તદાતાઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને રક્તરૂપી વીરાંજલિ અર્પણ કરી હતી.આ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, નગરસેવકો, વિવિધ સામાજીક અને રાજકીય સંસ્થાઓના આગેવાનો, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ તથા પ્રેસ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા અને શહીદ જવાનને વીરાંજલિ અર્પણ કરી હતી.

# બાબરા તાલુકાના ધરાઈ સ્થિત હવેલીમાં મંગલ મનોરથ યોજાયો

અમરેલી, તા.૧૯



બાબરા તાલુકાના ધરાઈ સ્થિત બાલમુકુંદજીની હવેલી ખાતે મનોરથનું આયોજન કરાયું હતું. બાબરા નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર અને ઉદ્યોગપતિ ભરત ભારદિયા પરિવારે આ મનોરથનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મનોરથમાં પ્રભુના સ્વરૂપને શણગારવામાં આવ્યું હતું. હવેલીના પટાંગણમાં કીર્તનો અને ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. ભારદિયા પરિવાર દ્વારા પરંપરાગત રીત-રિવાજ મુજબ પ્રભુની સેવા-પૂજા અને મનોરથના દર્શન ભાવિકો માટે ખુલ્લા મુકાયા હતા.

# નાગેશ્રી ગામની કન્યાશાળાની બાળાઓએ ધાર્મિક સ્થળોમાં રાસ-ગરબા રજૂ કર્યા

અમરેલી,તા.૧૯



જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામની કન્યા શાળાની વિદ્યાર્થિનીઓએ પોતાની કલાના માધ્યમથી પંથકનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં આ શાળાની બાળાઓએ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થળો બગદાણા, ભગુડા અને ઉંચા કોટડા ધામ ખાતે રાસ-ગરબાની મનમોહક રજૂઆત કરી હતી આ સુંદર આયોજન શાળાના શિક્ષિકા જયશ્રીબેન અને આયોજક ગુલાબભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળાઓએ શિસ્તબદ્ધ રીતે પરંપરાગત રાસ રજૂ કરીને ઉપસ્થિત શ્રદ્ધાળુઓના દિલ જીતી લીધા હતા. આ પ્રદર્શન દ્વારા વિદ્યાર્થિનીઓએ પોતાની છુપાયેલી કલાને મંચ આપ્યો હતો. બાળાઓના આ ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સાહસને બિરદાવતા ત્રણેય ધાર્મિક સ્થળના ટ્રસ્ટીઓ દ્વારા તેમને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ટ્રસ્ટી મંડળ તરફથી બાળાઓને ઈનામો અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવી હતી.

# બાબરામાં ૨૯ જાન્યુઆરીએ ભંગડશા પીરના ઉર્ષ પ્રસંગે ૨૧મો સમૂહલગ્ન સમારોહ

બાબરા,તા.૧૯

બાબરાના કરીયાણા રોડ પર આવેલ સુપ્રસિદ્ધ હઝરત ભંગડશા પીર રહેમતુલ્લાહ અલેહના ઉર્ષ મુબારક પ્રસંગે આગામી તા. ૨૯ જાન્યુઆરીના રોજ સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે ૨૧ નવદંપતીઓ સુન્ની ઈસ્લામી રિત-રિવાજ મુજબ નિકાહના બંધનમાં જોડાશે. દીકરીઓને ગૃહસ્થી વસાવવામાં સરળતા રહે તે હેતુથી કુલ ૬૩ જેટલી ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી છે. જેમાં મુખ્યત્વે શેટી-પલંગ, કબાટ, વાસણોનો સેટ, મિક્સર અને પંખા જેવી અનેક નાની-મોટી ઘરવપરાશની જીવનજરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.



તસવીર : દિપક કનૈયા

આ સેવાકાર્યમાં બાબરા સુન્ની મુસ્લિમ સમાજના અગ્રણી સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ સહિતના દાતાઓનો આર્થિક તેમજ વસ્તુઓ માટે પૂરતો સહયોગ પ્રાપ્ત થયો છે. ઉર્ષ મુબારકના અવસરે યોજાનારા આ સમૂહલગ્નમાં સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી સુન્ની મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બાબરા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ સલીમભાઈ અગવાન, રહીમભાઈ પંઠીરાજ, રહીમભાઈ અજમેરી, આરીફભાઈ મેતર, અલ્તાફભાઈ ગોગદા, રજાકભાઈ પરમાર તેમજ સમીરભાઈ પંઠીરાજ સહિતના કમિટીના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# અમરેલીમાં શુક્રવારે ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર રાજ્યના અગ્રગણ્ય એકમો માટે આગામી તા. ૨૩ જાન્યુઆરીના રોજ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો. ૧૦, ધો.૧૨, કોઈપણ સ્નાતક, બ્યુટીશીયન, હેરડ્રેસર, ધો.૧૦ (કોમ્પ્યુટર નોલેજ), બ્યુટીપાર્લરનો કોર્ષ કરનાર ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. જ્યારે કેશિયરની જગ્યા માટે બી.કોમ, એમ.કોમ શૈક્ષણિક લાયકાત ધરાવનારા રોજગાર ઈચ્છુકો ભાગ લઈ શકશે. જ્યારે સ્ટોક મેનેજર-ફ્લોર મેનેજરની જગ્યા માટે બી.બી.એ, એમ.બી.એની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સવારે ૧૧.૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લાઠી રોડ, અમરેલી ખાતે યોજાનારા આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.


સંકુલ KG થી ધો. ૧૨
ICSE - GSEB બોર્ડ
ઈંગ્લીશ મિડીયમ
કોમર્સ સાયન્સ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad175



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE



BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર
■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટુથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૫/૨૦૨૬

અરજદાર : શ્રી રાણીબેન કરશનભાઈ વંશ
સરનામુ : મું.જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રાણીબેન કરશનભાઈ વંશ** એ તેમના **ભત્રીજા નામે શ્રી રમીલાબેન કરશનભાઈ વંશ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૧૨/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૪/૨૦૨૬

અરજદાર : શ્રી મનસુરી ઈસાભાઈ ઉમરભાઈ
સરનામુ : મફત પ્લોટ, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી મનસુરી ઈસાભાઈ ઉમરભાઈ** એ તેમના **ભત્રીજા નામે શ્રી અકબર હાજીભાઈ મનસુરી નો જન્મ** તા.૦૬/૧૦/૧૯૭૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬/૨૦૨૬

અરજદાર : શ્રી વંશ કાનાભાઈ કરશનભાઈ
સરનામુ : મું.જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી વંશ કાનાભાઈ કરશનભાઈ** એ **પિતા નામે શ્રી વંશ કરશનભાઈ બાવાભાઈ નું** તા.૧૦/૦૪/૧૯૯૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# મિલન ટ્રાન્સપોર્ટની મુલાકાત લેતા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા

**રાજ્યમંત્રીની સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા પર હાજર રહ્યા**

અમરેલી,તા.૧૯

અમરેલી સ્થિત મિલન ટ્રાન્સપોર્ટની આજે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમની સાથે શહેર



ભાજપની ટીમ પણ જોડાઈ હતી.

મિલન ટ્રાન્સપોર્ટ ખાતે રાજુભાઈ મિલન અને સોહેલભાઈ સહિતના અગ્રણીઓએ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન સ્થાનિક ટ્રાન્સપોર્ટ વ્યવસાય અને શહેરના વિકાસલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ભાજપના પદાધિકારીઓની આ મુલાકાતથી સ્થાનિક વ્યવસાયીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# અમરેલી-સા.કુંડલા રોડ પર આવેલી આંગન હોટલ ખાતે ચા પીવા ઉભેલા યુવક પર જીવલેણ હુમલો

અમરેલી, તા.૧૯

અમરેલી-સાવરકુંડલા રોડ પર આવેલી એક હોટલ પાસે લોહિયાળ હંગામો થયો હતો. અમરેલીના મોટા ગોખરવાળા ગામના એક યુવક પર જૂની અદાવત રાખીને બે શખ્સોએ જાહેરમાં છરી અને ધોકા વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. મોટા ગોખરવાળા ગામના વિજયભાઈ બાબુભાઈ સિધ્ધપરા (ઉ.વ.૨૧)એ તેમના જ ગામના ઘનશ્યામભાઈ જીણાભાઈ સાથળા તથા મુન્નાભાઈ જીણાભાઈ સાથળા વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

મળતી માહિતી મુજબ, મોટા ગોખરવાળા ગામના ફરિયાદી યુવક અમરેલી-સાવરકુંડલા રોડ પર આવેલી 'આંગન હોટલ' ખાતે ચા પીવા માટે ઉભા હતા. આ દરમિયાન આરોપી મુન્નાભાઈ અને ઘનશ્યામભાઈ ત્યાં મોટરસાઈકલ લઈને ધસી આવ્યા હતા. આરોપીઓએ તેમના પિતા અને કાકા સામે અગાઉ થયેલી પોલીસ ફરિયાદની અદાવત રાખી ગાળાગાળી શરૂ કરી હતી. મામલો બિચકતા બંને આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન આરોપી મુન્નાભાઈએ પોતાની પાસે રહેલી છરી કાઢીને ફરિયાદીને મારવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે બચાવવા માટે હાથ આડો કરતા તેમને જમણા હાથની આંગળીઓ પર ગંભીર ઈજા થઈ હતી. બીજી તરફ, આરોપી ઘનશ્યામભાઈએ મોટરસાઈકલ પર બાંધેલો લાકડાનો ધોકો કાઢી તેના વાંસાના ભાગે ફટકારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઠાંસા ગામનાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૩૦ હજારનો દંડ ફટકારતી કોર્ટ

અમરેલી,તા.૧૯

દામનગરના ઠાંસા ગામે બે સગીર બહેનોના અપહરણ અને દુષ્કર્મના ગંભીર ગુનામાં અમરેલીની સ્પેશ્યલ પોક્સો કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે મૂળ વડોદરાના સાવલીના વતની અને ખેતમજૂર રાજુ ઉર્ફે રાહુલ નાયક (૨૬)ને ૨૦ વર્ષની સખત કેદ અને ૩૦ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી છે. ઘટનાની વિગત મુજબ, જાન્યુઆરી ૨૦૨૫માં આરોપી ૧૫ વર્ષની માનસિક બીમાર સગીરા અને તેની ૧૨ વર્ષની નાની બહેનને ભગાડી ગયો હતો, જ્યાં તેણે મોટી બહેન પર દુષ્કર્મ ગુજાર્યું હતું.

સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે ભોગ બનનાર સગીરાને ૪ લાખ અને તેની નાની બહેનને ૨૦ હજાર રૂપિયા વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# રાજુલામાં PI વિજય કોલાદરાએ ચાર્જ સંભાળ્યો: નગરશ્રેષ્ઠીઓ દ્વારા સન્માન અને PI ચાવડાને વિદાય

રાજુલા,તા.૧૯

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. ચાવડાની અમરેલી ખાતે બદલી થતા તેમના સ્થાને અમરેલી એલ.સી.બી.માં ફરજ બજાવતા પી.આઈ. વિજય કોલાદરાની નિમણૂક કરવામાં આવી છે. નવનિયુક્ત પી.આઈ. કોલાદરાએ રાજુલા ખાતે પોતાનો ચાર્જ સંભાળી



તસવીર : ગોપાલ રાઠોડ

લીધો છે.

ઉલ્લેખનીય છે કે, પી. આઈ. વિજય કોલાદરા અગાઉના વર્ષોમાં પણ રાજુલા ખાતે ફરજ બજાવી ચૂક્યા હોવાથી તેઓ આ વિસ્તારથી સંપૂર્ણ માહિતગાર છે. તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન ચોરીના બનાવો પર અંકુશ આવ્યો હતો અને હદપારી જેવા કેસો કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા એલ.સી.બી.માં ફરજ દરમિયાન તેમણે અનેક ખૂનના ભેદ ઉકેલ્યા હતા તેમજ લાખો રૂપિયાની ખનીજ ચોરી પકડી પાડી હતી.

# નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા લાઠીમાં હેલમેટનું વિતરણ કરાયું

અમરેલી,તા.૧૯



નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા રાજકોટ દ્વારા લાઠી ખાતે માર્ગ સલામતી જાગૃતિ અંતર્ગત ૬૦ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ લાવવાનો અને અકસ્માતોમાં થતી જીવલેણ ઈજાઓ અટકાવવાનો હતો. આ પ્રસંગે અમરેલી ટ્રાફિક PSI એચ.જે. બરવાડીયા, લાઠી પોલીસ સ્ટાફ અને RTO ઈન્સ્પેક્ટરો એમ.વી. શાહ તથા એ.કે. મકવાણાએ હાજરી આપી હતી.

# નેશનલ સ્ટેમ ક્વિઝ ૪.૦: અમરેલીના વિદ્યાર્થીઓ માટે રૂ. ૨ કરોડના ઈનામો જીતવાની સુવર્ણ તક

અમરેલી, તા,૧૯

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજકોસ્ટ દ્વારા આયોજિત 'નેશનલ સ્ટેમ ક્વિઝ ૪.૦' હવે તેના નિર્ણાયક તબક્કે પહોંચી છે. અમરેલી જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આ ક્વિઝ એક ઐતિહાસિક સફર સમાન બની રહેશે, જેમાં તેઓ પોતાની બૌદ્ધિક ક્ષમતા સાબિત કરી કરોડોના ઈનામો જીતી શકશે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાત (ગુજકોસ્ટ) દ્વારા આયોજીત તથા જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહજી ગોહીલના સંપૂર્ણ માર્ગદર્શન તળે નેશનલ સ્ટેમ ક્વીઝ ૪.૦ નો તાલુકા/જિલ્લા કક્ષાનો (પ્રીલીમરી) ઓનલાઈન રાઉન્ડ તા.૧૬મી જાન્યુઆરી સવારના ૧૦-૩૦ થી તા.૨૧મી જાન્યુઆરી ૨૦૨૬ના સાંજના ૬-૦૦ ક્લાક દરમ્યાન યોજાશે. અમરેલી જિલ્લાના ધો.૯ થી ધો.૧૨ ના વિદ્યાર્થીઓ ઓનલાઈન એકઝામ આપી શકશે.

અમરેલી જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધો.૯ થી ધો.૧૨ ના વિદ્યાર્થીઓ જેમણે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓને રકમ રૂા.બે કરોડ સુધીના ઈનામો પ્રાપ્ત કરવાની અનેરી તક ગુજકોસ્ટ, ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા પ્રદાન કરાઈ છે. અમરેલી જિલ્લાના ધો.૯ થી ૧૨ ના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઉક્ત કવીઝમાં સહભાગી બને તેવો અનુરોધ કરાયો છે.

# કોમી એકતા સાથે રાજુલા શહેરમાં હજરત ગેબનશા પીરનો ઉર્ષ ઉજવાયો

અમરેલી,તા.૧૯

રાજુલા શહેરમાં હજરત ગેબનશા પીરનો વાર્ષિક ઉર્ષ પરંપરાગત શ્રદ્ધા અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકોએ મોટી સંખ્યામાં જોડાઈને કોમી એકતાની અનોખી મિશાલ રજૂ કરી હતી. ઉર્ષની શરૂઆત વર્ષોની




પરંપરા મુજબ સલાટવાડા સ્થિત મોહમ્મદભાઈ ગોરીના નિવાસસ્થાનેથી નીકળેલી 'ચાદર શરીફ' સાથે થઈ હતી, જેમાં સર્વધર્મ સમભાવના દર્શન થયા હતા. આ પ્રસંગે રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ છત્રજિતભાઈ ધાખડા, મુસ્લિમ સમાજના પ્રમુખ આરીફભાઈ જોખીયા, અક્ષયભાઈ ધાખડા, અબ્દુલભાઈ ચાવડા, રાજેશભાઈ ઝાંખરા અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાઈચારાના સંદેશ સાથે આયોજિત આ જુલૂસમાં નગરજનોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૨૦-૦૧-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રવણ

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૧-૨૦૨૬ મંગળવાર

મેષ: આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે.

વૃષભ: આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઇ રહેશે.

મિથુન: આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. પૈસાને લઈને બપોરે પરેશાની થઈ શકે છે.

સિંહ:આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે.

કન્યા: આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, પરંતુ તમારે યોગ્ય સમયની રાહ જોવી પડશે.

તુલા: સખત મહેનત કર્યા પછી પણ તમને ઇચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં, સાંજથી જ પરિસ્થિતિ તમારા પક્ષમાં આવવા લાગશે.

વૃશ્ચિક: આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહેશે.

ધન: આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. કોઈપણ પ્રેમ સંબંધને લઈને તમે ખૂબ ઉત્સાહિત થશો.

મકર: સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે.

કુંભ: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી જ તમે આવશ્યક કાર્યોમાં વ્યસ્ત રહેશો.

મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો.

# રાજુલાના જોટંગીયા પરિવારના મોભીની ત્રીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે સેવાકાર્ય

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા વાણંદ જ્ઞાતિના પૂર્વ પ્રમુખ સ્વ. પ્રવિણભાઈ લલ્લુભાઈ જોટંગીયાની ત્રીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારના મહેશભાઈ, ગૌરવભાઈ, કલ્પેશભાઈ વગેરે દ્વારા રાજુલા અને અમદાવાદમાં ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજુલાની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ ફ્રુટ, ગાયો અને



શ્વાનને લાડવા, બાળકોને પતંગ, દોરા, રમકડા, ખજુર, મમરાના લાડવા, બિસ્કીટ, ફ્રુટી, ચોકલેટનું વિતરણ કર્યું હતું. રાજુલા શહેરમાં વેપારી અગ્રણી બિપીનભાઈ, ઘેલાભાઈ, વિપુલભાઈ લહેરી, મનીષભાઈ વાઘેલા, સાગરભાઈ હાનાણી, વિજયભાઈ જોટંગીયા, વકીલ વિપુલભાઈ હાનાણી, આશિષભાઈ લીંબાણી, અશોકભાઈ નારીગરા, હિંમતભાઈ નારીગરા, ભરતભાઈ વાજા, જયરાજભાઈ, લક્ષ વ્યાસ, કેતન દવે તેમજ પત્રકાર મિત્રો કનુભાઈ વરૂ, યોગેશભાઈ કાનાબાર, ધર્મેશભાઈ, જગદીશભાઈ જાખરા વગેરેએ આ તકે હાજરી આપીને જોટંગીયા પરિવાર દ્વારા થયેલ કાર્યને બિરદાવેલ.

# ડુંગર ગામેથી છ શકુનીના પોલીસે પાસા અવળા પાડ્યા

રાજુલા, તા.૧૯

રાજુલાના ડુંગર ગામેથી પોલીસે છ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૪૭૫૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કરાયો હતો. ઈકબાલભાઈ આમનભાઈ ઉર્ફે જોરૂભાઈ ગાહા, અન્સારભાઈ રફીકભાઈ જાખરા, વસીમભાઈ મોમીનભાઈ ગાહા, ઈકબાલભાઈ રફીકભાઈ ગાહા, અસ્લમભાઈ અહેમદભાઈ ગાહા તથા શબ્બીરભાઈ ઉર્ફે પોપટીયો મોમીનભાઈ ગાહા જમાદાર શેરીના રસ્તા પાસે જુની બેન્ક પાસે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમતા રેઈડ દરમ્યાન રોકડ રૂ.૪૭૫૦ સાથે મળી આવ્યા હતા.

ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.એ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા નાગરિક સહકારી બેંક દ્વારા ૧૭,૦૦૦ સભાસદોને ભેટ વિતરણનો પ્રારંભ: સભાસદોમાં ખુશીનો માહોલ

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા શહેરની પ્રતિષ્ઠિત સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લિમિટેડ દ્વારા આ વર્ષે બેંકના ૧૭,૦૦૦ જેટલા સભાસદો માટે ભેટ વિતરણના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સભાસદો ઉમટી પડ્યા હતા. બેંકના ચેરમેનના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ તકે બેંકના મેનેજિંગ ડિરેક્ટર



પરાગભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સભાસદો એ બેંકની સાચી મૂડી છે. બેંક જ્યારે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે ત્યારે આરબીઆઈની ગાઈડલાઈન મુજબ ઉપયોગી વસ્તુઓની ભેટ રૂપે વહેંચણી કરી તેનો લાભ સભાસદોને આપવામાં આવી રહ્યો છે. ભેટ વિતરણ દરમિયાન સભાસદોને મુશ્કેલી ન પડે તે માટે અલગ-અલગ કાઉન્ટરો અને વ્યવસ્થિત ટોકન સિસ્ટમ ઉભી કરવામાં આવી હતી. બેંકના સ્ટાફ અને ડિરેક્ટરોએ ખડેપગે રહીને વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

# બાબરાના મીયાખીજડીયા ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

બાબરા, તા.૧૯

બાબરાના મીયાખીજડીયા ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. રવજીભાઈ ઉકાભાઈ જિંજુવાડીયા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી મિતલબેન (ઉ.વ.૧૯) તા.૧૩/૦૧/૨૦૨૬ના સાંજના છ વાગ્યાના અરસામાં ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર કયાંક જતી રહી હતી. જો કોઈને આ યુવતી અંગે માહિતી મળે તો નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા વિનંતી છે.

# લાઠીમાંથી સગીરાને શિહોરનો યુવક ભગાડી ગયો

લાઠી, તા.૧૯

લાઠીમાં વાડીએ રહેતી એક સગીરાને શિહોરનો યુવક ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ શિહોરના મોટા સુરકા ગામે રહેતા ખીમજી ઘનશ્યામભાઈ દેવીપૂજક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના પચપચીયા ગામે સાળવા જવાના રસ્તા પાસેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અમરેલી, તા.૧૯

ખાંભાના પચપચીયા ગામે સાળવા જવાના રસ્તા પાસેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જીલુભાઈ વિનુભાઈ ધાપા (ઉ.વ.૩૦) પાસેથી ભારતીય બનાવટની વિવિધ બ્રાંડની કુલ ૧૨ બોટલ મળી હતી. રૂ.૩૧૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. નાગેશ્રી ગામે, દેવ હોટલ પાછળથી ૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

તંત્રી લેખ

# આર્થિક વિકાસ છતાં વિશ્વમાં ગરીબી યથાવત

આર્થિક વિકાસ માત્ર ભારતમાં જ નહીં પરંતુ અન્ય દેશોમાં પણ થઈ રહ્યો છે આમ છતાં ગરીબીના પ્રમાણમાં દેખીતી નજરે કોઈ ઘટાડો થયો હોય તેવું લાગતું નથી. ભારત સૌથી વધુ વિકસિત અર્થતંત્ર હોવા છતાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે જીવન જીવવું મુશ્કેલ થઈ રહ્યું છે પ્રશ્ન એ થાય છે કે આટલો વિકાસ હોવા છતાં ગરીબી શા માટે ઘટતી નથી? ઘટે છે તે આંકડામાં ઘટે છે વાસ્તવિકતા કંઈક અલગ હોય તેમ લોકો અનુભવે છે.

વિશ્વ આજે એક વિસંગત સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ ગરીબી સામે છેલ્લા ત્રણ દાયકામાં ઈતિહાસમાં સૌથી ઝડપી પ્રગતિ થઈ છે, તો બીજી તરફ હવે આ ગતિ ધીમી પડતી હોવાના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. દુનિયાની ગરીબ અર્થવ્યવસ્થાઓ સ્થિરતા તરફ જઈ રહી છે, પરંતુ નવી ચિંતાઓ પણ ઊભી થઈ છે. આ સમગ્ર પરિપ્રેક્ષ્યમાં ભારત એક મહત્વપૂર્ણ અપવાદ તરીકે સામે આવે છે, જ્યાં ગરીબી સતત ઘટી રહી છે અને બીજા દેશોમાં તેમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આર્થિક વૃદ્ધિની સાથે સાથે બહુપરિમાણીય ગરીબીમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગરીબી હવે માત્ર આવકનો મુદ્દો નથી, પરંતુ પોષણ, આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પીવાનું પાણી, વીજળી, ઈંધણ અને આવાસ જેવી મૂળભૂત સુવિધાઓની ઉપલબ્ધિ સાથે પણ જોડાયેલી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડા દર્શાવે છે કે ૨૦૦૫-૦૬ની તુલનામાં ૨૦૧૯-૨૧ દરમિયાન પોષણ, માતૃ સ્વાસ્થ્ય, બાળ મૃત્યુ દર, શાળામાં હાજરી, સ્વચ્છતા અને વીજળીની ઉપલબ્ધિમાં મોટા સુધારા થયા છે. બેંક ખાતાઓની વ્યાપક ઉપલબ્ધિએ પણ ગરીબ વર્ગને મુખ્ય ધારા સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ગરીબી સામેની લડાઈમાં વિવિધ મોડલો વિશ્વમાં અજમાવાયા છે. કેરળ મોડલ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. ૧૯૬૦ના દાયકાથી કેરળે શિક્ષણ અને આરોગ્યમાં સતત રોકાણ કર્યું. ગરીબીને ફક્ત રોજગારના અભાવ તરીકે નહીં, પરંતુ માનવ વિકાસની ખામી તરીકે જોવામાં આવી. ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન અત્યંત ગરીબ પરિવારોની વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ હસ્તક્ષેપ કરવામાં આવ્યા. પરિણામે કેરળ આજે દેશમાં સૌથી ઓછો ગરીબી દર ધરાવતું રાજ્ય બન્યું છે અને તાજેતરમાં અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યું હોવાનું જાહેર થયું છે.

રોકડ ટ્રાન્સફર મોડલ પણ અનેક દેશોમાં અસરકારક સાબિત થયું છે. મેક્સિકો અને બ્રાઝિલમાં ૧૯૯૦ના દાયકાના અંતમાં ગરીબ પરિવારોને નિયમિત રોકડ સહાય આપવામાં આવી. ત્રણથી પાંચ વર્ષમાં તેની અસર સ્પષ્ટ દેખાઈ. શાળામાં હાજરી વધી, કુપોષણ ઘટ્યું અને આવકમાં સ્થિરતા આવી. બ્રાઝિલમાં ગરીબી અને અસમાનતામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો અને સામાજિક સુરક્ષા મજબૂત બની.

વિશ્વ માટે ગરીબી સામેની લડાઈ એક મોટા પડકારના તબક્કામાં પ્રવેશી રહી છે, પરંતુ ભારત માટે આ સમય આશાની સાથે જવાબદારીનો પણ છે. અત્યાર સુધીની પ્રગતિને ટકાવી રાખવી અને તેને વધુ મજબૂત બનાવવી જરૂરી છે. જો આર્થિક વૃદ્ધિ સાથે માનવ વિકાસ અને સામાજિક સુરક્ષાને સતત પ્રાથમિકતા આપવામાં આવશે, તો ભારત માત્ર પોતાની ગરીબી દૂર કરવામાં જ નહીં, પરંતુ વિશ્વ માટે પણ એક માર્ગદર્શક ઉદાહરણ બની શકે છે.

# કચ્છથી માંડી અમરેલી તથા દક્ષિણ ગુજરાતનાં કિનારા પર મીઠા આધારિત ઉદ્યોગની શક્યતા



પ્રાસંગિક

સુરેશ દેસાઈ

સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતને સૌથી વધુ લાંબો સમુદ્ર કિનારો મળ્યો છે. કચ્છ અને ખંભાતના બે અખાતો છે. આ અખાત પર કચ્છથી માંડીને જામનગર, જૂનાગઢ, પોરબંદર અમરેલી, ભાવનગર સહિતના વિસ્તારો આવેલા છે જ્યાં મીઠાના અગરો થાય તે પૂરતું નથી પરંતુ મીઠા આધારિત અનેક પ્રકારના ઉદ્યોગોનો વિકાસ થઈ શકે તેમ છે અને આના કારણે આ સમગ્ર વિસ્તારમાં રોજગારીની સૌથી મોટી તકોનું નિર્માણ થઈ શકે તેમ છે. આજે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક જિલ્લા એવા છે જ્યાં પૂરતો વિકાસ થયો નથી. કચ્છમાં ભરપૂર વિકાસ થયો છે. ધરતીકંપ પછી કચ્છની કાયાપલટ થઈ છે પરંતુ સૌરાષ્ટ્રના અલ્પવિકસિત સમુદ્ર કિનારાના જિલ્લા પર રોજગારીની તકો વધે તે માટે દરિયાઈ રસાયણ આધારિત અને ઉદ્યોગો દ્વારા રોજગારીની નવી તકો નિર્માણ થઈ શકે તેમ છે.

સમગ્ર ગુજરાત રાજ્ય ભારતના મીઠા ઉત્પાદનના નકશા પર વિશેષ સ્થાન ધરાવે છે. દરિયાકાંઠે વસેલા નાના મોટા નગરો અને બંદરોના વિસ્તારમાં અહીં મીઠા આધારિત ઉદ્યોગોની શક્યતાઓ માત્ર વિશાળ જ નહીં પરંતુ દીર્ઘકાળે ટકાઉ પણ છે. અત્યાર સુધી મીઠાને મોટા ભાગે કાચા સ્વરૂપે પકવીને વેચવામાં આવ્યું છે, પરંતુ આજના સમયમાં મીઠું માત્ર એક ખોરાકનો ઘટક નહીં રહીને રસાયણ, ઉદ્યોગ, ખાદ્ય પ્રોસેસિંગ, દવા અને નિકાસ માટેનું મહત્વપૂર્ણ આધાર બન્યું છે. ભાવનગર માટે સાચી તકો મીઠાના મૂલ્યવર્ધનમાં છુપાયેલી છે.

ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે, જ્યાં દરિયાઈ ખારાશ ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. સૌરાષ્ટ્રની સૂકી અને ગરમ આબોહવા મીઠાના ઉત્પાદન માટે ખૂબ અનુકૂળ છે, કારણ કે સૂર્યપ્રકાશ આધારિત બાષ્પીભવનની પ્રક્રિયા અહીં ઝડપથી અને ઓછા ખર્ચે શક્ય બને છે. વર્ષોથી ચાલતી અગરિયા પ્રથા અને મોટા મીઠા ઉત્પાદકોના અનુભવને કારણે અહીં મીઠા ઉત્પાદનનું મજબૂત આધારભૂત માળખું પહેલેથી જ ઉભું છે. આ સાથે ભાવનગરમાં આવેલી **CSIR-CSMCRI** જેવી વિશ્વવિખ્યાત સંશોધન સંસ્થાની હાજરી આ ઉદ્યોગને વૈજ્ઞાનિક દિશા અને આધુનિક ટેકનોલોજી આપવાની ક્ષમતા ધરાવે છે.

**CSIR-CSMCRI**માં મીઠા અને દરિયાઈ રસાયણો પર સતત સંશોધન ચાલી રહ્યું છે. સૌર મીઠાની ગુણવત્તા અને ઉપજ વધારવા, બ્રાઈનમાંથી પોટાશ, મેગ્નેશિયમ અને બ્રોમિન જેવા મૂલ્યવાન રસાયણો મેળવવા, તેમજ કડવાશ અને ખારા કચરાના સંચાલન જેવી સમસ્યાઓ માટે ખર્ચ-અસરકારક નવી પ્રક્રિયાઓ વિકસાવવામાં આવી રહી છે. મીઠાના કામોમાં તાજા પાણીની પુનઃપ્રાપ્તિ, સૌર ઊર્જાનો વધુ ઉપયોગ અને પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓ અપનાવીને હરિયાળી વિકાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ સંસ્થા મીઠાના કામોની ડિઝાઈન, જમીન સર્વેક્ષણ અને ઉદ્યોગોને જરૂરી કુશળ માનવબળ તૈયાર કરવા માટે તાલીમ કાર્યક્રમો પણ ચલાવે છે.

મીઠાના સીધા વેચાણ કરતાં તેની આસપાસ વિકસતા મૂલ્યવર્ધિત ઉદ્યોગો કચ્છ, જામનગર, પોરબંદર, જાફરાબાદ અને ભાવનગર તથા દક્ષિણ ગુજરાતના કિનારે પણ આર્થિક વિકાસ માટે વધુ મહત્વ ધરાવે છે. રસાયણ ઉદ્યોગમાં મીઠાનો સૌથી મોટો ઉપયોગ થાય છે. મીઠાના દ્રાવણના વિદ્યુત વિભાજન દ્વારા કોસ્ટિક સોડા અને ક્લોરિન જેવા પાયાના રસાયણો બને છે. કોસ્ટિક સોડાનો ઉપયોગ સાબુ, ડિટર્જન્ટ, કાગળ, ટેક્સટાઈલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગમાં થાય છે, જ્યારે ક્લોરિન **PVC** પાઈપ, પાણીના શુદ્ધિકરણ અને દવાઓના ઉત્પાદનમાં અનિવાર્ય છે. આ ઉપરાંત સોડા એશનું ઉત્પાદન કાચ અને ડિટર્જન્ટ ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભાવનગરમાં કાચા મીઠાની ઉપલબ્ધતા અને બંદરીય સુવિધાઓને કારણે આવા મોટા રસાયણ ઉદ્યોગોની સ્થાપનાની વિશાળ શક્યતા છે.

મીઠું પકવ્યા પછી બાકી રહેતી બ્રાઈનને ઘણી વખત કચરો માનવામાં આવે છે, પરંતુ હકીકતમાં તે દરિયાઈ રસાયણોની ખાણ સમાન છે. આ બ્રાઈનમાંથી પોટાશ જેવા ખાતર ઉદ્યોગ માટે જરૂરી રસાયણો, મેગ્નેશિયમ સંયોજનો અને બ્રોમિન મેળવવાની વિશાળ તકો છે. મેગ્નેશિયમ સંયોજનો રિફેક્ટરીઝ, ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સટાઈલ ઉદ્યોગમાં વપરાય છે, જ્યારે બ્રોમિન આગ-પ્રતિરોધક રસાયણો અને દવાઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. યોગ્ય બ્રાઈન મેનેજમેન્ટ દ્વારા ભાવનગર દરિયાઈ રસાયણોના હબ તરીકે વિકસી શકે છે.

ખાદ્ય મીઠાના ક્ષેત્રમાં પણ ભાવનગર માટે વિશેષ તકો છે. આજના ગ્રાહકો સામાન્ય મીઠા કરતાં વધુ શુદ્ધ, સલામત અને પોષક ગુણવત્તાવાળા મીઠાની માંગ કરે છે. રિફાઈન્ડ અને વેક્યુમ સોલ્ટ જેવી ઉચ્ચ શુદ્ધતાવાળી જાતોની નિકાસ માટે વૈશ્વિક બજારમાં સારી માંગ છે. આ સાથે આયોડિન અને આયર્ન યુક્ત ફોર્ટિફાઈડ મીઠું જાહેર સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે અને સરકારી પોષણ કાર્યક્રમોમાં તેનો વ્યાપ વધતો જાય છે. ચોક્કસ ગુણવત્તાવાળા ઔદ્યોગિક ગ્રેડ મીઠાનું ઉત્પાદન કરીને ચામડા, વોટર સોફ્ટનિંગ અને ડાઈંગ ઉદ્યોગોને પુરવઠો આપવાની પણ શક્યતા છે.

મીઠું માત્ર રસાયણ અને ખોરાક પૂરતું સીમિત નથી. ખાણકામ અને ધાતુ શુદ્ધિકરણમાં તે સહાયક ભૂમિકા ભજવે છે. એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અને કેટલીક કિંમતી ધાતુઓના શુદ્ધિકરણમાં મીઠાના સંયોજનો ઉપયોગી થાય છે. ચામડા ઉદ્યોગમાં કાચા ચામડાને સાચવવા માટે મીઠું અનિવાર્ય છે, કારણ કે તે ભેજ ખેંચીને બેક્ટેરિયાનો વિકાસ અટકાવે છે. ટેક્સટાઈલ અને ડાઈંગ ઉદ્યોગમાં રંગને કાપડમાં સ્થિર કરવા માટે મીઠું જરૂરી છે. ફૂડ પ્રોસેસિંગમાં ખોરાકની જાળવણી, સ્વાદ અને પોત સુધારવામાં મીઠું મુખ્ય ભૂમિકા ભજવે છે.

મીઠા ઉદ્યોગ સામે કેટલાક પડકારો પણ છે. પરંપરાગત પદ્ધતિઓને આધુનિક યંત્રસંચાલિત લણણી અને વૈજ્ઞાનિક પ્રક્રિયાઓથી બદલવાની જરૂર છે. બ્રાઈનનું યોગ્ય સંચાલન ન થાય તો પર્યાવરણ પર નકારાત્મક અસર થઈ શકે છે. આ ઉદ્યોગમાં કાર્યરત અગરિયાઓના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે આ ઉદ્યોગ શ્રમ આધારિત છે. સાથે સાથે બંદરીય સુવિધાઓનો વધુ સારો ઉપયોગ કરીને મીઠા અને મીઠા આધારિત ઉત્પાદનોની નિકાસ વધારવાની દિશામાં આયોજન કરવું પડશે.

સારાંશરૂપે કહી શકાય કે ગુજરાતનો સમુદ્ર કિનારો માત્ર મીઠું પકવનારો વિસ્તાર જ નહીં, પરંતુ મીઠા આધારિત રસાયણો અને મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું કેન્દ્ર બની શકે તેવી સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. કુદરતી પરિબળો, સંશોધન સંસ્થાની હાજરી અને ઉદ્યોગનો અનુભવ જો યોગ્ય આયોજન અને ટેકનોલોજી સાથે જોડાય, તો ગુજરાત ભારતનું જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે દરિયાઈ રસાયણોનું મહત્વપૂર્ણ હબ બની શકે છે. આ વિકાસથી સ્થાનિક રોજગારી વધશે, નિકાસમાં વધારો થશે અને આર્થિક વિકાસને નવી દિશા મળશે.

**મીઠા આધારિત ઉદ્યોગોનો વિકાસ અને તેનું મૂલ્યવર્ધન કરી રોજગારીની નવી તકોનું નિર્માણ થઈ શકે છે. આ માટે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના સમુદ્ર કિનારાનો સમુચિત વિકાસ થવો જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૧૩૫



**આડી ચાવી :**
(૧) કાબુમાં રાખવું (૪)
(૪) ભાગ વહેંચ્યા ન હોય તેવો, ભેગો (૪)
(૬) જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં.....કાળ ગુજરાત (૨)
(૭) એક વાદ્ય (૩)
(૯) કેરીની એક જાત (૩)
(૧૦) રોગનું ફેલાવું તે (૩)
(૧૩) મંચ, રંગભૂમિ (૩)
(૧૫) બોજો ઉપાડનાર (૩)
(૧૬) છેતરપિંડી, કપટ (૨)
(૧૭) મો, ચહેરો (૩)
(૧૮) અમે, અમારૂં (૨)
(૧૯) નજર સામે (૩)
(૨૦) દૂંટી, કેન્દ્ર (૨)
(૨૧) ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૨)
(૨૨) કરમાયેલું, ખિન્ન (૨)
(૨૪) વાટ, ઘરડ (૩)
(૨૬) પતિ-પત્ની વચ્ચે..... જન હોય તો જીવનમાં કયાંથી મજા આવે? (૪)
(૨૭) પુષ્કળ, બહાનું (૨)

**ઉભી ચાવી :**
(૧) જગત, કુદરત (૩)
(૨) યદા .... હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત (૨)
(૩) સજા, શિખામણ (૪)
(૪) તાબે, જીતાયેલું (૨)
(૫) યદુનો વંશજ (૩)
(૮) આજે કઈ....છે.? (૩)
(૧૧) કોલકાતાનું એરપોર્ટ (૪)
(૧૨) આ તો વીરનું આભુષણ ગણાય (૨)
(૧૪) અસભ્ય, ઉધ્ધત (૩)
(૧૫) ઘસારો, હુમલો (૨)
(૧૭) ઉતરી ગયેલ મુખવાળો, ગમગીન (૪)
(૧૮) વ્યક્તિએ વાતે વાતે .....બદલવો ન જોઈએ (૪)
(૧૯) સાત (૨)
(૨૦) કમળની પોલી નળી (૨)
(૨૧) તમે.....બચાવશો તો .....તમને બચાવશે (૨)
(૨૩) .....તે સૌને ગમે (૨)
(૨૫) શરીરની સાત ધાતુઓમાંની પ્રથમ (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૪ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રાર્થના (૩) શ્વાસ (૪) બાહ્ય (૫) નમન (૭) ખારો (૮) બ્ધલપઉ (ઉપલબ્ધ) (૧૧) ટકો (૧૩) તનયા (૧૪) સદન (૧૬) રવ (૧૭) વાલ (૧૮) રબ (૨૦) કાદવ (૨૨) લતા (૨૪) સદા (૨૫) અકારણ (૨૭) અમદાવાદ (૨૮) રબર.
**ઉભી ચાવી:** (૧) પ્રારબ્ધ (૨) નાનપ (૩) શ્વાન (૪) બારોટ (૬) મઉ (૯) લવાદ (૧૦) રનવકા (૧૨) કોયલ (૧૩) તર (૧૪) સદમા (૧૫) નર (૧૭) વાવ (૧૯) બલ (૨૧) દરકાર (૨૩) શણર (૨૪) સમ (૨૬) રબ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૬૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૦૧૮ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૮૦ |
| બાજરી | ૩૫૫ | ૩૮૮ |
| મકાઇ | ૩૪૦ | ૩૮૦ |
| તુવેર | ૯૮૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૧૧૨૦ | ૧૯૩૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૦૦ |
| મગ | ૧૦૩૦ | ૧૯૫૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૯૯ |
| ચોળી | ૮૭૦ | ૧૩૩૩ |
| મઠ | ૯૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૩૫૦ | ૧૩૯૫ |
| કળથી | ૩૫૦ | ૪૦૫ |
| રાજમા | ૩૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| મગફળી જીણી | ૧૨૨૦ | ૧૪૩૮ |
| તલી | ૧૬૫૦ | ૨૦૨૬ |
| સુરજમુખી | ૧૦૬૨ | ૧૦૬૨ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૩૪ |
| અજમો | ૯૭૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૪૬૦ | ૧૭૧૦ |
| સોયાબીન | ૯૧૫ | ૧૦૧૫ |
| સીંગફાડા | ૯૪૦ | ૧૬૪૪ |
| કાળા તલ | ૩૩૩૩ | ૪૯૦૦ |
| લસણ | ૧૧૪૦ | ૧૭૪૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૯૫૬ |
| મરચા સુકા | ૨૨૦૦ | ૪૪૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૦૬૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૮૩૬ |
| જીરૂ | ૩૮૧૧ | ૪૪૪૦ |
| રાય | ૧૧૫૦ | ૧૬૧૮ |
| મેથી | ૭૮૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| અશેરીયો | ૧૦૨૫ | ૧૧૬૨ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૬૮૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૫૧૦૦ | ૮૬૦૦ |
| ગુવારનું બી | ૧૦૨૦ | ૧૧૦૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૩૨૮ | ૬૦૭ |
| પપૈયા | ૮૫ | ૧૫૦ |
| બટેટા | ૧૨૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૧૦ |
| ટમેટા | ૪૨૩ | ૫૮૯ |
| સુરણ | ૬૨૮ | ૮૪૧ |
| કોથમરી | ૧૬૩ | ૨૨૬ |
| મુળા | ૩૨૪ | ૫૧૮ |
| રીંગણા | ૩૫૯ | ૭૮૬ |
| કોબીજ | ૧૦૨ | ૧૪૩ |
| ફ્લાવર | ૬૩૧ | ૭૭૯ |
| ભીંડો | ૭૮૧ | ૯૯૨ |
| ગુવાર | ૧૨૦૭ | ૧૫૮૭ |
| ચોળાસીંગ | ૮૪૧ | ૧૩૭૨ |
| વાલોળ | ૩૧૮ | ૫૨૬ |
| ટીંડોરા | ૬૧૪ | ૧૦૦૫ |
| દુધી | ૨૨૩ | ૪૧૨ |
| કારેલા | ૫૨૫ | ૭૮૭ |
| સરગવો | ૧૦૫૨ | ૧૬૧૭ |
| તુરીયા | ૬૩૭ | ૧૧૮૮ |
| પરવર | ૧૪૧૮ | ૧૮૦૭ |
| કાકડી | ૫૫૯ | ૭૮૬ |
| ગાજર | ૨૧૧ | ૩૩૪ |
| વટાણા | ૩૩૩ | ૫૦૯ |
| તુવેરસીંગ | ૨૫૮ | ૫૧૪ |
| ગલકા | ૬૩૭ | ૮૨૧ |
| બીટ | ૧૧૩ | ૨૫૬ |
| મેથી | ૧૦૭ | ૧૫૮ |
| વાલ | ૫૮૯ | ૭૮૩ |
| ડુંગળી લીલી | ૨૫૪ | ૪૧૩ |
| આદુ | ૯૩૨ | ૧૧૨૬ |
| ચણા લીલા | ૧૩૬ | ૩૪૩ |
| મરચા લીલા | ૫૧૨ | ૭૯૦ |
| હળદર લીલી | ૪૨૭ | ૬૩૪ |
| લસણ લીલું | ૮૭૬ | ૧૨૧૪ |
| મકાઇ લીલી | ૨૪૨ | ૪૦૭ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૬૧૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૧૦૭૧ | ૧૬૧૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૨૯૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૫૧ |
| કલંજી | ૨૪૭૬ | ૪૮૬૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૧૨૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૧૫૧ | ૫૬૫૧ |
| લસણ સુકું | ૭૫૧ | ૧૭૧૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૭૧ |
| અડદ | ૧૦૪૧ | ૧૬૫૧ |
| મઠ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૬૪૧ |
| રાય | ૧૧૩૧ | ૧૭૦૧ |
| મેથી | ૮૬૧ | ૧૧૦૧ |
| કાંગ | ૩૦૦ | ૬૦૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૩૬ |
| નવા ધાણા | ૧૨૦૦ | ૨૩૧૧ |
| નવી ધાણી | ૧૪૦૦ | ૨૫૦૦ |
| નવું જીરૂ | ૨૧૦૦ | ૫૪૦૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૯૫૧ |
| મગફળી દ્દ | ૧૨૦૧ | ૧૫૬૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૧૫૧ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૩૭૬ |
| બાજરો | ૩૫૧ | ૩૫૧ |
| જુવાર | ૮૦૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૩૮૧ | ૪૦૧ |
| મગ | ૧૦૦૧ | ૧૯૯૧ |
| ચણા | ૯૭૬ | ૧૧૧૧ |
| વાલ | ૪૦૦ | ૮૧૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૨૭૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૦૧૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૯૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૩૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૬૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પચકરુ | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૬૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૨ |
| પાલક પુરા | ૧ | ૪ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૬૫ |
| શીંગ ગીરનાર | ૧૦૭૦ | ૧૩૨૫ |
| શિંગ દ્દ નંબર | ૧૨૭૦ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૩૮૫ |
| શિંગદાણા | ૧૦૭૫ | ૧૫૧૦ |
| શિંગફાડા | ૧૨૧૫ | ૧૩૯૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૨૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| જુવાર | ૮૦૫ | ૧૦૧૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૫ |
| મગ | ૮૦૦ | ૧૨૪૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૮૦ |
| સફેદ ચણા | ૯૪૦ | ૧૦૯૦ |
| તુવેર | ૮૩૦ | ૧૩૯૫ |
| કપાસ | ૮૩૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૦૬૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૦૯૦ | ૪૩૯૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૨૦ |
| અજમા | ૯૦૦ | ૨૫૨૦ |
| મેથી | ૮૭૫ | ૯૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૧૦ |
| મરચા લાંબા | ૭૬૦ | ૪૬૩૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૫૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૮૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૨૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૫૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૩૦૦ | ૩૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૬૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૨૦ |
| આમળા | ૫૫૦ | ૭૦૦ |
| વાલ | ૫૩૦ | ૬૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૨૦ |
| હળદળ લીલી | ૪૫૦ | ૬૫૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૨૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૭૫૦ | ૯૫૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૯૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૧૧૦ | ૧૩૬૦ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૮૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૧૯૫૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૫૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૬૮ |
| બાજરો | ૩૭૫ | ૬૦૨ |
| અડદ | ૭૦૦ | ૯૪૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૯૧ | ૧૫૫૦ |
| એરંડી | ૧૦૬૪ | ૧૧૧૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૦૧ |
| સોયાબીન | ૮૮૬ | ૯૫૬ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ એ | ૧૦૨૫ | ૧૫૫૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૬ |
| ચણા | ૮૮૦ | ૯૦૫ |
| તુવેર | ૧૩૩૧ | ૧૩૭૧ |
| શીંગ દાણા | ૧૦૫૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| સોયાબીન | ૯૩૧ | ૯૮૬ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૪૫ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૬૫૮ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૦ |
| ઘઉ ટુકડા | ૫૧૪ | ૫૩૩ |
| ચણા | ૭૯૫ | ૧૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૧૫૫ |
| સોયાબીન | ૮૬૫ | ૧૦૦૪ |
| મગફળી | ૭૦૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| શીંગ દાણા | ૧૦૫૦ | ૧૫૧૧ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૧૬૨૦ |
| તલ કાળા | ૧૬૨૦ | ૧૬૨૦ |
| લસણ | ૫૦૦ | ૫૦૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૨૧ |
| જુવાર | ૧૦૩૦ | ૧૦૩૦ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૨૦૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૨૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| બાજરો | ૩૬૦ | ૩૮૭ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૫ |
| જુવાર | ૬૦૧ | ૧૧૪૦ |
| મગ | ૧૦૧૧ | ૧૬૨૫ |
| અડદ | ૮૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૧૩૪૫ | ૧૩૭૮ |
| ચણા | ૮૭૬ | ૧૧૫૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૬૪૫ |
| કપાસ મીડીયમ | ૧૩૮૦ | ૧૪૩૦ |
| મગફળી | ૧૧૫૯ | ૧૩૯૧ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૯૨૫ |
| તલ કાળા | ૩૪૪૦ | ૩૯૯૦ |
| જીરૂ નવુ | ૨૬૨૯ | ૪૯૫૧ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| ચણા | ૯૪૫ | ૧૦૩૫ |
| તુવેર | ૮૮૫ | ૧૪૭૫ |
| સોયાબીન | ૭૭૫ | ૯૪૫ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૬ |
| બાજરો | ૨૦૦ | ૩૮૧ |
| ચણા | ૦૧ | ૧૦૪૬ |
| અડદ | ૮૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૫૧ |
| શીંગ ફાડા | ૧૧૫૧ | ૧૫૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૪૧ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૧૭૦ | ૧૩૩૨ |
| શીંગ ૩૯ | ૧૧૫૦ | ૧૨૭૫ |
| શીંગ ગીરનાર | ૧૨૦૧ | ૧૩૨૫ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૩૮ |
| જુવાર | ૨૦૨ | ૫૯૮ |
| બાજરી | ૩૬૧ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૧૫ |
| મકાઇ | ૩૭૯ | ૩૭૯ |
| અડદ | ૭૫૬ | ૧૫૦૩ |
| મગ દેશી | ૫૦૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૧૦૧૪ | ૧૦૧૪ |
| ચણા | ૫૯૭ | ૧૦૭૦ |
| તલ સફેદ | ૧૦૮૦ | ૧૯૯૧ |
| તલ પુરબીયા | ૨૦૯૫ | ૨૦૯૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૪ |
| લસણ | ૭૮૦ | ૭૮૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૬૧ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૪૦૧ |
| કપાસ શંકર | ૧૨૬૫ | ૧૩૩૫ |
| નાળીયેર | ૫૯૦ | ૨૯૦૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૪૧૮ |
| મગફળી ૩૨ | ૧૧૮૦ | ૧૩૮૫ |
| બાજરો હાઈબ્રીડ | ૩૨૫ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૩૨ |
| જુવાર | ૮૫૦ | ૧૦૨૬ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૫૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૧ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૯૦૬ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૩૫ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૬૧૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૪૬ |
| જુવાર સફેદ | ૯૯ | ૯૯ |
| સફેદ તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૪૦૫૧ | ૪૦૫૧ |
| સોયાબીન | ૯૧૧ | ૯૮૦ |
| મકાઈ | ૪૩૦ | ૫૦૦ |
| બાજરો | ૩૫૧ | ૫૬૧ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૫૮૨ | ૫૮૨ |

| લીલીયા મોટા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૪ | ૧૫૮૧ |
| કપાસ સી ગ્રેડ | ૭૨૦ | ૭૨૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

રાજકોટના અમરેલી ગામે નિર્માણ પામી રહેલી 'શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' માટે

# વિસાવદર ગામે યોજાયેલી મિટિંગમાં ૩૦ મિનિટમાં પાંચ લાખથી વધુનું દાન જાહેર

**આ મિટિંગમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા**



અમરેલી,તા.૧૯

"ભક્તિ દ્વારા એકતાની શક્તિ"ના મંત્રને સાર્થક કરતા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટના અમરેલી ગામે નિર્માણ પામી રહેલી 'શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' માટે વિસાવદર તાલુકામાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો છે. ગત ૧૮ જાન્યુઆરીના રોજ વિસાવદર ખાતે યોજાયેલી કાર્યકર્તા મિટિંગમાં દાતાઓની ઉદારતાના દર્શન થયા હતા, જ્યાં માત્ર ૩૦ મિનિટના ટૂંકા ગાળામાં ૫ લાખ રૂપિયાથી વધુનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના કેન્સર પીડિત દર્દીઓને વ્યાજબી દરે વિશ્વસ્તરીય અને આધુનિક સારવાર મળી રહે તે હેતુથી આ હોસ્પિટલનું ૪૩ એકર વિસ્તારમાં ભવ્ય નિર્માણ થઈ રહ્યું છે. આ ભગીરથ કાર્યમાં જનભાગીદારી વધારવા માટે હાલ વિસાવદર તાલુકાના ગામે-ગામ 'મા ખોડલનો રથ' પરિભ્રમણ કરી રહ્યો છે. વિસાવદર તાલુકા કન્વીનર વિશાલભાઈ રીબડિયાના જણાવ્યા મુજબ, જૂનાગઢ જિલ્લા અને વિસાવદર શહેર-તાલુકા ખોડલધામ સમિતિના સંયુક્ત ઉપક્રમે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે કાર્યકર્તાઓ અને અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સામાજિક સેવાની આ મશાલને વધુ પ્રજ્વલિત કરી હતી.

# કોડીનારમાં 'મનરેગા' નાબૂદ કરવાના વિરોધમાં કોંગ્રેસના ધરણા, મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



કોડીનાર, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા 'મનરેગા' કાયદો રદ કરી તેના સ્થાને નવા 'વિકસિત ભારત ગ્રામ-જી' (VB-G RAM G) કાયદાના અમલ સામે કોડીનાર તાલુકા કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ બારડની આગેવાનીમાં કાર્યકરોએ મામલતદાર કચેરીએ ધરણા યોજી મુખ્યમંત્રીને સંબોધતું આવેદનપત્ર પાઠવ્યું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે યોજનામાંથી મહાત્મા ગાંધીનું નામ હટાવવું એ ગ્રામોત્થાનની વિચારધારાનું અપમાન છે. નવા કાયદામાં ફંડિંગ રેશિયો ૬૦:૪૦ કરવાથી રાજ્યો પર આર્થિક ભાર વધશે અને રોજગાર હવે મજૂરોનો 'અધિકાર' મટી સરકારની 'મરજી' પર નિર્ભર રહેશે. વધુમાં, પંચાયતોની સત્તા છીનવી નિર્ણયો દિલ્હીથી લેવાશે અને બાયોમેટ્રિક્સ જેવી ટેકનોલોજીથી અશિક્ષિત શ્રમિકો કામથી વંચિત રહેશે. જો આ કાયદો પરત ખેંચવામાં નહીં આવે તો કોંગ્રેસે આગામી સમયમાં ઉગ્ર લડતની ચીમકી ઉચ્ચારી છે.

# ધ્રોલમાં ઉત્તરાયણની રાત્રે જ્વેલર્સની દુકાનમાં બાકોરું પાડી લાખોના દાગીનાની ચોરી

જામનગર,તા.૧૯

ધ્રોલમાં નગરપાલિકાની કચેરી નજીક આવેલી તુલજા ભવાની જ્વેલર્સ નામની દુકાનમાં મકરસંક્રાંતિના રાત્રીના કોઈ અજાણ્યા ચોરોએ દુકાનની પાછળની દિવાલમાં બાકોરું પાડી, ૨૬.૯૬ લાખના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. જે ચોરીના અનુસંધાને તુલજા ભવાની જ્વેલર્સના માલિક પ્રકાશ હેમતલાલ સોનીએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ બાદ જામનગરની એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની જુદી જુદી ટીમો બનાવી સી.સી.ટી.વી. ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન ચોરીના માત્ર ચાર દિવસમાં જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીને આધારે ત્રણ ચોર ઈસમોને પકડી પાડ્યા છે અને ચોરાયેલા સોના-ચાંદીના દાગીના સહિત મોટર સાઈકલ તથા ચોરી કરવામાં ઉપયોગ લીધેલ હથિયાર પણ પકડી પાડ્યા છે.

# ટીંબીની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના ટ્રસ્ટીએ રાજ્યપાલ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની મુલાકાત લીધી



ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના ટીંબી ખાતે આવેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ તા. ૧૪/૦૧/૨૦૨૬ના 'મકરસંક્રાંતિ'ના શુભ દિવસે ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયાની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ હોસ્પિટલના પ્રણેતા સદગુરુદેવની કૃપાથી છેલ્લા પંદર વર્ષથી ચાલતા તદ્દન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી મહાનુભાવોને અવગત કરવાનો હતો. હોસ્પિટલ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની વિગત જાણીને રાજ્યપાલે ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મનસુખભાઈ માંડવીયા અને બી.એલ. રાજપરા દ્વારા રાજ્યપાલને હોસ્પિટલની મુલાકાતે પધારવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેનો તેમણે સહર્ષ સ્વીકાર કરી પોતાની અનુકૂળતાએ હોસ્પિટલની મુલાકાત લેવા સંમતિ દર્શાવી હતી. આ તકે બોટાદ જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઈ વિરાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના લીલીયા રોડ પર બોક્સ બાંધકામને લઈ જાહેરનામુ

અમરેલી,તા.૧૯

અમરેલી શહેરમાં લીલીયા રોડ પર એલસી ૨૨ (લીલીયા ફાટક) ખાતે આર.સી.સી બોક્સ બાંધકામને લઈને અહીંથી પસાર થતા હળવા અને ભારે વાહનોએ વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે. આ બાબતે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. વૈકલ્પિક રૂટ મુજબ (૦૧) લીલીયા ચોકડીથી આવતા તમામ વાહનોએ ચક્કરગઢ ચોકડીથી અમરેલી સિટી અંદર, સરદાર ચોકથી ભીડભંજન ચોક પરથી પસાર થવાનું રહેશે.

ઉપરાંત (૦૨) અમરેલી સિટી તરફથી લીલીયા રોડ તરફ જતા તમામ વાહનોએ સરદાર ચોકથી સંકુલ રોડ થઈ ચક્કરગઢ રોડ બાયપાસ પરથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું આગામી તા. ૧૫.૦૨.૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયાની હાજરીમાં

# બગસરાના બાલાપુર ગામે રૂ.૨.૪૪ કરોડના વિવિધ કામોનું લોકાર્પણ



અમરેલી,તા.૧૯

બગસરા તાલુકાના બાલાપુર ગામે અંદાજિત રૂ.૨.૪૪ કરોડના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યોમાં પેટા આરોગ્ય કેન્દ્ર, સી.સી. રોડ, પાણી પુરવઠાની ટાંકી (વોટર વર્ક્સ) અને ભૂગર્ભ ગટરનું લોકાર્પણ કરાયું હતું. સાથોસાથ શાળાના રિનોવેશન અને નવી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત પણ સંપન્ન થયું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, મનોજભાઈ મહીડા, દિવ્યેશભાઈ વેકરીયા અને પ્રદીપભાઈ ભાખર સહિતના ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશ કારોબારીમાં વિશેષ આમંત્રિત સભ્યોમાં

# સાંસદ પરશોતમ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીનો સમાવેશ





અમરેલી,તા.૧૯

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સૂચવેલા નવા સંગઠન માળખામાં ૧૦૬ સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે જેમાં ૭૯ કારોબારી સભ્યો તેમજ ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના (એક પ્રદેશ અધ્યક્ષ+૧૦૫ સભ્યો) કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે. જેમાં અમરેલીમાંથી રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને સ્થાન મળ્યુ છે. આ બન્ને નેતાઓનો પ્રદેશ કારોબારી વિશેષ આમંત્રિતમાં સમાવેશ થતા અમરેલી જિલ્લા ભાજપ આગેવાનોમાં આનંદની લાગણી છવાઈ છે.

# વિજપડી ગ્રામ પંચાયત દ્વારા દુકાનો બનાવીને ભાડે આપવાની વાતોને રદીયો

વિજપડી,તા.૧૯

વિજપડી ગ્રામ પંચાયત દ્વારા દુકાનો બનાવીને ભાડે આપવા અંગે પંચાયત સત્તાવાળાઓએ લેખીતમાં જવાબ આપ્યો છે કે, દુકાનો બનાવીને ભાડે આપવાની વાતો વાહીયાત છે. આ અંગે પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવેલ કે, આ બાબતે તાલુકા વિકાસ અધિકારીએ વહેલાસર જવાબ આપવા બદલ તેમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. યાકુબ રસભર્યાએ વધુમાં જણાવ્યુ હતું કે, ગ્રામ પંચાયત દ્વારા તમામ કામગીરી મંજૂરી લઈને નિયમાનુસાર કરેલ છે. સ્માશન ફાળા અંગેની કામગીરી દાતા કમિટી દ્વારા થઈ રહી છે. ડોર ટૂ ડોર કચરા કલેશનમાં ટ્રેક્ટરમાં ટેકનિકલ ખામી હોય જેથી ગત મહિનાથી કચરા કલેશનની કામગીરી બંધ કરેલ છે. તેમજ ગ્રામ પંચાયતની જે જગ્યા હાલ ખુલ્લી છે તેમાં કોઈ દબાણ હટાવવાનું બાકી છે કેમ ? તે જવાબમાં જણાવેલ નથી. હાલ તો ગ્રામ પંચાયત દ્વારા દુકાનો બનાવીને ભાડે આપવાની અને દુકાનનું બાંધકામ ટૂંક સમયમાં થશે તેવી લોક ચર્ચાનો પંચાયત સત્તાવાળાઓના લેખિત જવાબથી અંત આવેલ છે તેમ પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ અંતમાં જણાવેલ છે.

# કોડીનારમાં અલ મસ્તાન ટ્રસ્ટ દ્વારા છઠ્ઠો સમૂહ શાદી સમારોહ યોજાયો



કોડીનાર, તા.૧૯

કોડીનારના અલ મસ્તાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત છઠ્ઠા સમૂહ શાદી સમારોહમાં ૨૧ મુસ્લિમ જોડાંઓએ નિકાહ પઢી લગ્નજીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે ગુજરાત વકફ બોર્ડના સભ્ય જીશાનભાઈ નકવી અને અગ્રણી મનુભાઈ મેરે સમાજમાં શિક્ષણના વ્યાપ અને વ્યસનમુક્તિ પર ભાર મૂક્યો હતો. ટ્રસ્ટ તરફથી દરેક દંપતીને ઘરવખરીની ૮૭ ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોડીનાર નગરપાલિકાના પ્રમુખ સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના અનેક આગેવાનોએ હાજર રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

# ધોરાજી યુનિયન સ્પોર્ટ્સ ક્લબ દ્વારા જૂનાગઢની સાંપ્રત સંસ્થાને આર્થિક સહાય: દિવ્યાંગ બાળકોને ભોજન કરાવ્યું



તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી, તા.૧૯

ધોરાજી યુનિયન સ્પોર્ટ્સ ક્લબ દ્વારા જૂનાગઢ ખાતે આવેલ સાંપ્રત એજ્યુકેશન અને ચેરીટેબલ સંસ્થાને અનુદાન આપવામાં આવ્યું છે. આ સંસ્થામાં ૮૭ જેટલા દિવ્યાંગ બાળકોની નિઃશુલ્ક સારસંભાળ રાખવામાં આવે છે. આ સેવા પ્રવૃત્તિને ધ્યાને લઈ ધોરાજી યુનિયન સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ રણજીતસિંહ જાડેજા, નરસિંહભાઈ રાખોલીયા, જગદીશભાઈ ગામોટ અને પિનાકીનભાઈ કવિશ્વરે સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી. હોદ્દેદારોએ સંસ્થામાં ૮૭ દિવ્યાંગ બાળકોની થતી સેવા અને કામગીરીને બિરદાવી હતી.

# ધોરાજીમાં ૨૫ વર્ષીય યુવાનનું હાર્ટએટેકથી મોત થતા અરેરાટી



ધોરાજી, તા.૧૯

ધોરાજીના વી.સી. પ્લોટ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય યુવાનનું હાર્ટએટેક આવતા મોત નિપજ્યું છે. મૃતક ગોરા હર્ષદભાઈ રમેશભાઈ (ઉ.વ. ૨૫) પ્લાસ્ટિકના કારખાનામાં નોકરી કરતા હતા. બનાવની વિગત મુજબ, યુવાન પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક યુવાન પરિણીત હતા અને સંતાનમાં એક બાળકી છે. યુવાનના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું અને હોસ્પિટલ ખાતે પરિવારજનોનું આક્રંદ જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વી.સી. પ્લોટ વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસમાં કુદરતી મૃત્યુનો આ ત્રીજો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૨૩/૨૦૨૫

અરજદારશ્રી:- કનુભાઈ વિઠલભાઈ પટેલીયા,
રે.કાના તળાવ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તકમશ્રી, કાના તળાવ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી વિઠલભાઈ નાનજીભાઈ પટેલીયાનું મરણ તા.૦૧/૧૦/૨૦૧૫ ના રોજ મુ.કાના તળાવ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૦૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૦/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મંજુલાબેન રામજીભાઈ પટેલ વાઈફ ઓફ હિંમતભાઈ પટેલ
રહે.૯ ચાલ નં.૨, હરીશંકર તિવારી ચાલ, એચ.વી.રોડ,
માનવ કલ્યાણ, પરબત નગર, દહીસર, મહારાષ્ટ્ર ૪૦૦૦૬૮

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાના ભમોદ્રા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મંજુલા રામજીભાઈ પટેલનો જન્મ તા.૦૧/૦૮/૧૯૬૮ ના રોજ મુ.નાના ભમોદ્રા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૫/૨૦૨૬

અરજદાર :- શ્રી દિલુભાઈ ગભરૂભાઈ કોટીલા
રહે.ચારોડીયા, ઠે.રામજી મંદિર પાસે,
તા. રાજુલા, જી. અમરેલી-૩૬૫૪૬૦

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.નાના માચીયાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામમાં અરજદારશ્રી દિલુભાઈ ગભરૂભાઈ કોટીલા તેઓના પુત્ર ઉદયભાઈ દિલુભાઈ કોટીલાની જન્મ (તા.૩૧/૦૫/૨૦૦૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### છત્તીસગઢના બલરામપુરથી ઝારખંડના લાતેહાર (લોધ ગામ) જતી હતી બસ

# લાતેહારની ઓરસા ખીણમાં બસ ખાબકતા ૯ જાનૈયાઓના ઘટનાસ્થળે જ મોત

**૫૦ની ક્ષમતાવાળી બસમાં ૯૦ મુસાફરો સવાર હતા; ૨૪થી વધુ ગંભીર હાલતમાં રાંચી રિફર**

(એચ.એસ.એલ),રાંચી,તા.૧૯

છત્તીસગઢના બલરામપુરથી ઝારખંડના લાતેહારના મહુઆદંડમાં લગ્ન સમારોહનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો. કાર્યક્રમમાં હાજર રહેલા લગ્ન પક્ષનો ભયાનક અકસ્માત થયો. નવ લોકોના ઘટનાસ્થળે જ મોત અને ૫૦થી વધુ ઘાયલ થયા. છત્તીસગઢના બલરામપુરથી ઝારખંડના લાતેહાર જિલ્લાના મહુઆદંડ પોલીસ સ્ટેશન વિસ્તારના લોધ ગામ જઈ રહેલા લગ્નના મહેમાનોમાં આશરે ૯૦ લોકો અકસ્માતનો ભોગ બન્યા હતા. ઘાયલોને મહુઆદંડ આરોગ્ય કેન્દ્ર અને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાંથી ઘણાની હાલત ગંભીર છે. એવું જાણવા મળ્યું છે કે છત્તીસગઢના બલરામપુરના પીપરસોટ ગામથી ઝારખંડના લાતેહાર જઈ રહેલી બસ ઓવરલોડ હતી, જેના કારણે આ અકસ્માત થયો. બસમાં આશરે ૫૦ લોકો બેસવાની ક્ષમતા હતી, પરંતુ અકસ્માત સમયે આશરે ૯૦ લોકો સવાર હતા. તેમાં બાળકો,



વૃદ્ધો અને મોટી સંખ્યામાં મહિલાઓનો સમાવેશ થતો હતો. જ્યારે ઓવરલોડેડ બસ લાતેહાર જિલ્લાના મહુઆદંડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓરસા ખીણમાં પહોંચી ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઓરસા ખીણમાં પહોંચતા જ બ્રેક ફેલ થઈ ગઈ, જેના કારણે બસ કાબુ ગુમાવી ખીણમાં પલટી ગઈ. આ અકસ્માતને કારણે ઘટનાસ્થળે ભારે હોબાળો મચી ગયો. એવું જાણવા મળ્યું છે કે બે ડઝનથી વધુ ગંભીર રીતે ઘાયલ મુસાફરોને રાંચીની આરઆઈએમએસ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. ભયાનક બસ અકસ્માતમાં મૃતકોની ઓળખ લીલાવતી દેવી, રમેશ મણિકા, ફગુઆ રામ, રેસંતી દેવી, પ્રેમા દેવી, સીતા દેવી, સોનમતી દેવી, સુખના ભુઈયા અને વિજય સિંહ તરીકે થઈ છે, જે છત્તીસગઢના બલરામપુરના પીપરસોટ ગામના રહેવાસી છે. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે અને અકસ્માતનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહી છે. બસની બ્રેક ફેલ થઈ ગઈ હતી કે ઓવરલોડિંગને કારણે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો. દરમિયાન, લાતેહાર જિલ્લામાં ઘટનાની જાણ થતાં, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને લાતેહારના ડેપ્યુટી કમિશનરને તાત્કાલિક ઘાયલોને પૂરતી તબીબી સંભાળ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

## તેજસ્વી યાદવને ટૂંક સમયમાં RJDના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાશે

પટણા,તા.૧૯

બિહારના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ સમાચાર વિરોધી પક્ષ **RJD** સાથે સંબંધિત છે. અહેવાલો અનુસાર, વિપક્ષના નેતા અને આરજેડીના સૌથી અગ્રણી વ્યક્તિ તેજસ્વી યાદવને ટૂંક સમયમાં મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. આરજેડીમાં તેમના "રાજાભિષેક"ની ચર્ચા છે. તેજસ્વી યાદવને ટૂંક સમયમાં પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. પાર્ટીના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, તેજસ્વી યાદવે ૨૫ જાન્યુઆરીએ રાષ્ટ્રીય જનતા દળની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠક બોલાવી છે. આ બેઠકમાં પાર્ટીના તમામ નેતાઓ, ધારાસભ્યો અને અન્ય સભ્યો હાજરી આપશે. માહિતી અનુસાર, તેજસ્વી યાદવને રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકમાં જ પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે.

## ભોપાલમાં પાર્કિંગ મુદ્દે થયેલી માથાકૂટમાં વિધર્મીઓનો યુવતી પર હિંસક હુમલો

ભોપાલ,તા.૧૯

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. એક હિન્દુ મહિલાએ આરોપ લગાવ્યો છે કે પાર્કિંગ વિવાદને કારણે મુસ્લિમ સમુદાયના સભ્યોએ તેના પર હુમલો કર્યો અને તેના વાળ ખેંચી નાખ્યા. મહિલાનો આરોપ છે કે હુમલાખોરોએ તેના ભાઈનું માથું તોડી નાખ્યું હતું. પીડિત હિન્દુ છોકરીનું નામ પૂર્ણિમા દુબે છે અને તે એક વિદ્યાર્થિની છે. આ ઘટના ૧૫ જાન્યુઆરીએ બની હતી. પીડિતા પૂર્ણિમા દુબે કહે છે કે આ ઘટનાથી તેને રહેમાન ડાકુની યાદ આવી ગઈ. પૂર્ણિમાએ સમજાવ્યું કે નજીકમાં એક મદરેસા છે, તેથી મુસ્લિમ મહિલાઓ અને પુરુષો તેના પર હુમલો કરવા આવ્યા હતા. પાર્કિંગ માટે હજાર રૂપિયા



માંગવાને લઈને ઝઘડો થયો. પૂર્ણિમાએ આરોપ લગાવ્યો છે કે હુમલાખોરો "બલિદાન, બલિદાન" ની બૂમો પાડી રહ્યા હતા.

ભોપાલના કલ્પના નગરની પીડિતા પૂર્ણિમા દુબે નામની યુવતીએ આરોપ લગાવ્યો છે કે પાર્કિંગ વિવાદને લઈને મુસ્લિમ યુવાનોએ તેની અને તેના મિત્રો પર હુમલો કર્યો હતો. યુવતીએ પોતે એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેણે જણાવ્યું હતું કે તે ભોપાલના કલ્પના નગરમાં રહે છે.

## પશ્ચિમ બંગાળમાં જાણીતી હસ્તીઓને ચૂંટણી પંચ દ્વારા નોટિસ ફટકારવામાં આવી

નવીદિલ્હી, તા.૧૯

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી માટે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ સુનાવણી ચાલી રહી છે. સુનાવણીને લઈને અનેક વિવાદો ઉભા થયા છે. ક્રિકેટર મોહમ્મદ શમીથી લઈને સાંસદ દેવ સુધી, લોકોને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા છે, અને હવે નેતાજી સુભાષ ચંદ્ર બોઝના પ્રપૌત્ર ચંદ્ર કુમાર બોઝને નોટિસ પાઠવીને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા છે. સુનાવણી અંગેની નોટિસથી હોબાળો મચી ગયો છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે ચંદ્ર કુમાર બોઝને નોટિસ શા માટે આપવામાં આવી હતી.

એસઆઈઆર તબક્કાના પ્રથમ તબક્કામાં, બૂથ લેવલ ઓફિસર્સ ઘરે ઘરે જઈને ગણતરી ફોર્મનું વિતરણ કરતા હતા. મતદારોએ ફોર્મ ભર્યા પછી, તેઓએ તે પણ એકત્રિત કર્યા. તે ફોર્મના આધારે, એક ડ્રાફ્ટ યાદી તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ, કમિશન માહિતીમાં અચોક્કસતા સહિત વિવિધ કારણોસર મતદારોને નોટિસ મોકલી રહ્યું છે.

## પક્ષના નબળા દેખાવથી એકનાથ શિંદે નારાજ : જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગયેલા મંત્રીઓની થઈ શકે છે હકાલપટ્ટી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. હવે, બધા પક્ષો પરિણામો અંગે વિચાર-વિમર્શ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે હવે સંપૂર્ણ એક્શન મોડમાં છે અને તેમના મંત્રીઓના ખરાબ ઓન-ધ-ગ્રાઉન્ડ પ્રદર્શનથી અત્યંત નારાજ હોવાનું કહેવાય છે. અહેવાલો અનુસાર, શિંદેએ ચૂંટણી પહેલા તેમના મંત્રીઓ અને ધારાસભ્યોને વિવિધ જિલ્લાઓની જવાબદારી સોંપી હતી, પરંતુ પરિણામો અપેક્ષા મુજબ નહોતા.

થાણે, કલ્યાણ-ડોંબિવલી અને ઉલ્હાસનગર જેવા કેટલાક ગઢ સિવાય, બાકીના ૨૯ જિલ્લાઓમાં પાર્ટીનું પ્રદર્શન નબળું હતું. આ જ કારણ છે કે શિંદે હવે "સફાઈ મિશન" પર ઉતર્યા છે. સૂત્રો કહે



છે કે શિંદેએ પહેલાથી જ તેમના મંત્રીઓને ચેતવણી આપી હતી કે ચૂંટણી ફરજોમાં બેદરકારી સહન કરવામાં આવશે નહીં. હવે, મોટા મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચા છે. અને જે મંત્રીઓ તેમની જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે તેઓ ગમે ત્યારે તેમના પદ ગુમાવી શકે છે.

મ્યુનિસિપલ કાઉન્સિલ અને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં પક્ષ બીજા ક્રમે આવ્યો હતો, પરંતુ ઘણા જિલ્લાઓમાં સંગઠન અને નેતાઓના સુસ્ત પ્રદર્શનથી શિંદેની નારાજગી વધી છે.

## તમિલનાડુમાં પીએમ મોદી ચૂંટણી પ્રચારનો કરશે પ્રારંભ ૨૩ જાન્યુઆરીએ મદુરંદગામથી ગજવશે જંગી રેલી

ચેન્નાઈ,તા.૧૯

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ચાર મહિના દૂર છે. આ સંદર્ભમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચેન્નાઈથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર મદુરંદગામમાં એક મોટી જાહેર રેલી સાથે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ પ્રચારની શરૂઆત કરશે. રાજ્યના ભાજપના નેતાઓ ૨૩ જાન્યુઆરીએ યોજાનારી આ વિશાળ રેલીની તૈયારીમાં વ્યસ્ત છે. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે આ રેલીમાં હાલમાં એનડીએમાં જોડાતા કેટલાક રાજકીય પક્ષો સાથે ચૂંટણી જોડાણની જાહેરાત પણ થઈ શકે છે. નોંધનીય છે કે એનડીએનું નેતૃત્વ તમિલનાડુમાં એઆઈએડીએમકે કરી રહ્યું છે, અને પાર્ટીએ સંકેત આપ્યો છે કે તે અભિનેતા વિજયકાંતના ડીએમડીકે સાથે ચૂંટણી જોડાણ માટે ચર્ચાના



અંતિમ તબક્કામાં છે. જો કે, ભાજપ એઆઈએડીએમકેના બળવાખોર ઓ. પન્નીરસેલ્વમ અને એએમએમકે નેતા ટીટીવી દિનાકરનને એનડીએમાં સામેલ કરવામાં રસ ધરાવે છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, એઆઈએડીએમકેના મહાસચિવ ઈ. પલાનીસ્વામી સાથે હજુ સુધી કોઈ સમજૂતી થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટીટીવી દિનાકરનની પાર્ટીને ઘટક પક્ષ તરીકે સામેલ કરવામાં આવી શકે છે, અને આ જાહેરાત ૨૩ જાન્યુઆરીએ વડાપ્રધાનની હાજરીમાં થઈ શકે છે.

## ટી-૨૦ વર્લ્ડ કપમાં રમશે કે નહી તે સ્પષ્ટ કરવા બાંગ્લાદેશને ૨૧ જાન્યુઆરી સુધીની મહેતલ

મુંબઈ,તા.૧૯

**ICC**એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (**BCB**) ને ૨૧ જાન્યુઆરી સુધીમાં સ્પષ્ટ કરવા જણાવ્યું છે કે તે ૨૦૨૬ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે કે નહીં અને શું તેની ટીમ ભારતમાં આવીને મેચ રમશે. **ESPN** ક્રિકઈન્ફો અનુસાર, **ICC** એ શનિવારે (૧૭ જાન્યુઆરી) ઢાકામાં યોજાયેલી બેઠકમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (**BCB**) ને આ સમયમર્યાદા જણાવી દીધી છે. એક અઠવાડિયામાં **ICC** અને **BCB** વચ્ચે આ બીજી બેઠક હતી. આમાં **BCB** એ સ્પષ્ટ કર્યું કે તે ટી-૨૦ વર્લ્ડ કપ રમવા માગે છે, પરંતુ ભારતની બહાર. **BCB** નું કહેવું છે કે ભારતમાં રમવાને લઈને ટીમની સુરક્ષા અંગે ચિંતા છે. **BCB** એ સૂચન કર્યું કે ટુર્નામેન્ટના સહ-યજમાન શ્રીલંકામાં તેમની મેચો યોજવામાં આવે. જોકે, **ICC** તેના નિર્ણય પર અડગ છે. **ICC** એ સ્પષ્ટ કહ્યું છે કે ટુર્નામેન્ટનું શેડ્યૂલ બદલવામાં આવશે નહીં અને બાંગ્લાદેશને ગ્રુપ **C** માં જ રમવું પડશે.

## ચારધામની યાત્રાને ધ્યાનમાં રાખીને બદ્રીનાથ ધામના દ્વાર ખોલવા માટેની તૈયારીઓ શરૂ

બદ્રીનાથ, તા.૧૯

પરંપરા મુજબ, બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ શુક્રવાર, ૨૩ જાન્યુઆરી, વસંત પંચમીના રોજ નરેન્દ્ર નગર સ્થિત ટિહરી રાજ દરબારમાં નક્કી કરવામાં આવશે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે બીકેટીસીએ આગામી ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને અને કપાટ ખોલવાની તારીખ નક્કી કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. એકવાર ખુલવાની તારીખો નક્કી થઈ જાય, પછી યાત્રાની કાર્ય યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. બીકેટીસી મીડિયા ઈન્ચાર્જ ડૉ. હરીશ ગૌરે માહિતી આપી હતી કે બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની તારીખ નક્કી કરવા માટે એક ધાર્મિક સમારોહ ૨૩ જાન્યુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે નરેન્દ્ર નગરના ટિહરી પેલેસ ખાતે શરૂ થશે.

## યુપીના ઈટાહ જિલ્લામાં ધોળે દિવસે એક જ પરિવારના ત્રણ લોકોની હત્યાથી ખળભળાટ

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૯

ઉત્તર પ્રદેશના ઈટાહ જિલ્લામાં ધોળા દિવસે ટ્રિપલ મર્ડરથી ખળભળાટ મચી ગયો છે. એક મહિલાની હાલત ગંભીર છે. અજાણ્યા હુમલાખોર દ્વારા ટ્રિપલ મર્ડરનો જઘન્ય ગુનો કરવામાં આવ્યો હતો. અજાણ્યા વ્યક્તિ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ, વૃદ્ધ વ્યક્તિ ગંગા સિંહ



નીચેના માળે એક રૂમમાં પડેલા મળી આવ્યા હતા, જ્યારે તેમની સાસુ, પુત્રવધૂ અને પૌત્રી બીજા માળે લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટના ઈટાહના કોતવાલી નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મોહલ્લા નગર પ્રેમીમાં બની હતી. વધુ વિગતો આપતાં પોલીસે જણાવ્યું હતું કે શ્યામા દેવી શ્વાસ લઈ રહી હતી. પોલીસે તેમને લોહીલુહાણ હાલતમાં મેડિકલ કોલેજમાં દાખલ કર્યા હતા.

## બોલિવૂડ વિશે આપેલા નિવેદનના વિરોધ વચ્ચે પરેશ રાવલે એ.આર.રહેમાનને આપ્યો ટેકો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૯

એઆર રહેમાનની આસપાસ ચાલી રહેલા વિવાદ વચ્ચે, પરેશ રાવલે સંગીતકારને ટેકો આપ્યો છે. તેમણે એઆર રહેમાન વિશે એક ખાસ નિવેદન આપ્યું છે. તાજેતરમાં, એઆર રહેમાનને બોલિવૂડ વિશે આપેલા નિવેદન માટે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ સંગીતકારે ભારત, સંગીત અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી.

અભિનેતા પરેશ રાવલે એક્સ પર એઆર રહેમાનનો એક વીડિયો ફરીથી શેર કર્યો છે, જેમાં તે તેમના દેશની પ્રશંસા કરે છે. પરેશ રાવલે લખ્યું, "અમે તમને પ્રેમ કરીએ છીએ, સર. તમે અમારું ગૌરવ છો."

એઆર રહેમાને બોલિવૂડ વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓને લગતા વિવાદ પછી તેમની પહેલી પોસ્ટ શેર કરી, જેના પર સમગ્ર ભારતીય સિનેમામાંથી પ્રતિક્રિયાઓ



આવી. રવિવારે, રહેમાને એક્સ પર એક વીડિયો સંદેશ શેર કર્યો. ક્લિપમાં, તેમણે સીધા વિવાદને સંબોધિત કર્યો ન હતો, પરંતુ તેના બદલે ભારત, સંગીત અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી હતી. તેમના વીડિયો સંદેશમાં, ઓસ્કાર વિજેતા સંગીતકારે સમજાવ્યું કે કેવી રીતે સંગીત હંમેશા લોકો અને પરંપરાઓ સાથે જોડાયેલા રહેવાનો તેમનો માર્ગ રહ્યો છે.

વીડિયોમાં, એ.આર. રહેમાનને કહેતા સાંભળી શકાય છે, "પ્રિય મિત્રો, સંગીત હંમેશા મારા માટે સંસ્કૃતિ સાથે જોડાવાનો અને આદર કરવાનો એક માર્ગ રહ્યો છે.

## સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૨૦ મુસાફરનાં મોત, ૭૩ લોકો ગંભીર રીતે ઘાયલ

કોર્ડોબા, તા.૧૯

દક્ષિણ સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો અથડાઈ, જેમાં ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા અને ૭૩ થી વધુ ઘાયલ થયા. આ અકસ્માત કોર્ડોબા પ્રાંતના અદામુઝ નજીક થયો, જેના કારણે મેડ્રિડ અને એન્ડાલુસિયા વચ્ચે રેલ સેવાઓ સ્થગિત થઈ ગઈ. અહેવાલો અનુસાર, માલાગાથી મેડ્રિડ જતી એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને વિરુદ્ધ દિશામાંથી આવતી બીજી ટ્રેન સાથે અથડાઈ. મીડિયા અહેવાલો દર્શાવે છે કે બંને ટ્રેનોમાં આશરે ૫૦૦ મુસાફરો હતા.

સ્પેનિશ રેલ ઓપરેટર એડીઆઈએફે અહેવાલ આપ્યો છે કે રવિવારે દક્ષિણ સ્પેનમાં એક હાઈ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને સામેની ટ્રેન સાથે અથડાઈ. કટોકટી સેવાઓએ અહેવાલ આપ્યો છે કે આ ટક્કરમાં ૨૦ લોકો માર્યા ગયા અને ૭૩ ગંભીર રીતે ઘાયલ



થયા. જોકે, મૃત્યુઆંક વધવાની ધારણા છે. બે ગાર્ડિયા સિવિલ અધિકારીઓએ ફોન અને ટેક્સ્ટ સંદેશ દ્વારા એસોસિએટેડ પ્રેસને મૃત્યુઆંકની પુષ્ટિ કરી. તેઓએ પોલીસ નિયમો અનુસાર નામ ન આપવાની શરતે વાત કરી.

માલાગા અને મેડ્રિડ વચ્ચેની સાંજની ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને મેડ્રિડથી દક્ષિણ સ્પેનના બીજા શહેર હુએલ્વા જતી ટ્રેન સાથે અથડાઈ. આંદાલુસિયા પ્રાંતમાં, જ્યાં અકસ્માત થયો હતો, ત્યાં ૨૦ લોકોના મોત અને ૭૫ ગંભીર ઈજાઓ નોંધાઈ છે. સિવિલ ગાર્ડે જણાવ્યું હતું કે ઘણા લોકો હજુ પણ ડબ્બાઓમાં ફસાયેલા છે.

# અમરેલી ૯.૬ ડિગ્રી સાથે ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ઠંડુ શહેર બન્યું

**રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતર્યો**



અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં ફરી એક વખત કડકડતી ઠંડીનું જોર વધતું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. બે દિવસમાં તમામ શહેરમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં મોટા ભાગના શહેરમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અનેક શહેરોમાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થયો છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં સૌથી વધુ ઘટાડો અમરેલીમાં નોંધાયો છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજ્યમાં સૌથી નીચું તાપમાન અમરેલીમાં ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જો કે સૌથી નીચું તાપમાન નલિયામાં નોંધાતું હોય છે, પરંતુ નલિયાને પાછળ છોડીને અમરેલીમાં સૌથી નીચું તાપમાન નોંધાયું છે.

# ગુજરાત ભાજપના નેતાઓ રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષની પ્રક્રિયામાં ભાગ લેવા દિલ્હી રવાના

**મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ સહિતનાઓને દિલ્હીનું તેડુ**



ગાંધીનગર,તા.૧૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ગુજરાત ભાજપના ટોચના નેતાઓ બે દિવસના દિલ્હી પ્રવાસે રવાના થયા છે. ૧૯ જાન્યુઆરીએ નામાંકન અને ૨૦ જાન્યુઆરીએ અધ્યક્ષની જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સહિતના અગ્રણીઓ દિલ્હી રવાના થયા. ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગ દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં પ્રસ્તાવક તરીકે ભાગ લેવા માટે અનેક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, મનસુખ માંડવિયા, નિમુબેન બાંભણિયા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષો, પૂર્વ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો તથા વિવિધ મોરચાના રાષ્ટ્રીય પદાધિકારીઓનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં મુસાફરો ભરેલી બસ ભડભડ સળગી, જાનહાનિ નહી



અમદાવાદ,તા.૧૯

અમદાવાદના એસજી હાઈવે પર ૧૯ જાન્યુઆરીએ સોલા ભાગવત ચાર રસ્તા નજીક AMTS બસમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા બે ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. બસની આગળના ભાગે એન્જિનમાં કોઈ કારણોસર અચાનક આગ લાગી ગઈ હતી. જેના પગલે તાત્કાલિક બસમાં સવાર મુસાફરો પાછળના દરવાજેથી બહાર નીકળી ગયા હતા. આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# અમદાવાદ શહેરની નેશનલ સ્કૂલ બહાર વિદ્યાર્થીઓનો એકબીજા પર જીવલેણ હુમલો



અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં સેવન્થ-ડે સ્કૂલ જેવી જ ઘટના ઘાટલોડિયાની નેશનલ સ્કૂલ બહાર બની છે. સ્કૂલ બહાર ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો છે. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. હુમલા પાછળ જૂનો ઝઘડો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ મારામારીની ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. તો બીજી તરફ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની બહેને આક્ષેપ કર્યા છે કે, ભાઈને માથામાં વધારે વાગ્યું છે, પણ સ્કૂલે પટ્ટી પણ સરખી બંધાવી નથી. જો તેના મિત્રએ છરી ન પકડી હોત અને મર્ડર થયું હોત તો શું કરત? CCTV કેમેરામાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વિદ્યાર્થીઓનું ટોળું એક વિદ્યાર્થીને લાકડી અને પટ્ટા વડે મારી રહ્યું છે. સ્કૂલની ૧૦૦ મીટરના અંતરમાં જ વિદ્યાર્થી પર હુમલો કરવામાં આવ્યો હતો. ગુંડાઓને પણ એક તરફ મૂકી દે તેવી કરતૂત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ કરી છે. આ ગેંગવોરના દૃશ્યો જોઈ કોઈ ન કહે કે આ ધો.૧૦ના વિદ્યાર્થીઓ છે.

# અમદાવાદમાં નશામાં ધૂત કારચાલકે અનેક વાહનો અડફેટે લીધા, કોઈ જાનહાનિ નહી



અમદાવાદ,તા.૧૯

અમદાવાદના શીલજ-રાંચરડા રોડ પર ગત મોડી રાત્રે નશામાં ધૂત પૂરઝડપે આવતા એક કારચાલકે એક બાદ એક ૯ વાહનોને અડફેટે લેતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. કિયા કારના ચાલક નિતિન શાહે દારૂના નશામાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિતના વાહનોને અડફેટે લઈ જોરદાર ટક્કર મારી હતી, જેમાં વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટાપાયે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ રોષે ભરાયેલા સ્થાનિકોએ કારચાલકને ઝડપી પોલીસને સોંપ્યો હતો.

# ટેક્સટાઈલ પોલિસીમાં મહિલા સ્વસહાય જૂથને લાભ આપવા રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં પહેલી વાર ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મહિલાઓના સ્વ સહાય જુથ - સેલ્ફ હેલ્પ ગ્રુપના સશક્તિકરણ અને આવક વૃદ્ધિનો અભિગમ અપનાવીને કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. તદ્અનુસાર, નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુથી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે. મુખ્યમંત્રીએ એક અન્ય નિર્ણય એવો પણ કર્યો છે કે, રાજ્યમાં મ્યુનિસીપલ એરિયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪નો લાભ અપાશે.

# આટકોટ પાસે કારના ચોરખાનામાં છુપાવેલો વિદેશી દારૂ ઝડપાયો



રાજકોટ,તા.૧૯

રાજકોટ રૂરલ એલસીબી પોલીસે આટકોટ નજીકથી બોલેરોની અંદર ચોરખાનું બનાવી દારૂની થતી હેરાફેરી પર વોચ ગોઠવી મુદ્દામાલ સાથે ચાર વ્યક્તિને ઝડપી લીધા છે. કારની અંદર ચોરખાનું બનાવી લાખોના વિદેશી દારૂની હેરાફેરી થતી હતી. પોલીસે આ પ્રકરણમાં મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ચાર શખ્સ લાલાભાઈ સુરસિંગ બગેલ (રહે.જવાનીયા), દીપુ મગનભાઈ અખાડિયા (રહે. જવાનીયા), મુકેશ ઉર્ફે મુકામ અંતરભાઈ બામણીયા (રહે.બડી જવારી), ઈક્કમ રઘુભાઈ અવાસીયા (રહે. ગિરદા) સહિતને કુલ રૂ. ૬,૬૧,૪૦૮/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આ રેડમાં પોલીસે વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ. ની ૪૨૨ શીલપેક બોટલો (કિંમત રૂ.૧,૧૧,૪૦૮/-), વાહનમાં મહિન્દ્રા બોલેરો કાર (કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/-), મોબાઈલ ફોન ૪ નંગ (કિંમત રૂ. ૪૦,૦૦૦/-), રોકડ રૂ. ૧૦,૦૦૦/- સહિતના મુદ્દામાલનો કબજો લઈ આગળની કાયદેસરની કાર્યવાહી માટે આટકોટ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# મુંન્દ્રામાં દુષ્કર્મનો ભોગ બનેલી બાળકીને યોગ્ય સારવાર ન મળતા કોર્ટ લાલઘૂમ

(એચ.એસ.એલ),ભુજ,તા.૧૯

કચ્છના મુન્દ્રા તાલુકામાં, ૬ વર્ષની બાળકી પર બળાત્કાર થયો હતો. તેના ગુપ્તાંગમાં ગંભીર ઈજાઓ થતાં તેને મુન્દ્રા અને ભુજની હોસ્પિટલોમાં ખસેડવામાં આવી હતી. જોકે, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને બાળ કલ્યાણ સમિતિએ કોર્ટમાં એક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે છોકરીને યોગ્ય સારવાર મળી રહી નથી. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોર્ટે સંબંધિત હોસ્પિટલ અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારીને કારણદર્શક નોટિસ જારી કરી હતી, જેમાં તેમને કોર્ટમાં હાજર રહીને સમગ્ર ઘટનાનો ખુલાસો કરવાનો નિર્દેશ આપ્યો હતો. અહેવાલો અનુસાર, ૧૨ જાન્યુઆરીના રોજ કચ્છના મુન્દ્રા તાલુકાના એક ગામની મજૂર વસાહતમાં બાળકી પર બળાત્કાર થયો હતો.

# 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'- ૨૦૨૬માં ભાગ લેવા રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ રવાના



અમદાવાદ,તા.૧૯

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' ૨૦૨૬માં ભાગ લેવા અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી રવાના થયું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દાવોસ ખાતે રવાના થતા પહેલા જણાવ્યું હતું કે, "વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનને દુનિયાના મહત્વના ઈકોનોમિક પ્લેટફોર્મ પરથી વિશ્વ સુધી પહોંચાડવા માટે ગુજરાતનું પ્રતિનિધિ મંડળ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાગ લેવા જઈ રહ્યું છે.











